# Current Affairs January-2017

## 1.January. 2017

**(૧) નવા વર્ષની શરૂઆત :**

– ૧ જાન્યુઆરીથી શરૂ થતાં કેલેન્ડરનું નામ ગ્રિગોરિયન કેલેન્ડર છે.
– ગ્રિગોરિયન કેલેન્ડરની શરૂઆત ખ્રિસ્તીઓ ત્રણ તેમના ખાસ તહેવાર સ્ટર એટલે કે ક્રિસમસની નિશ્ચિત તારીખ નક્કી કરવા કરાઇ હતી.
– આજે ગ્રિગોરિયન કેલેન્ડર આખી દુનિયામાં જાણીતું છે. જેના આધારે ઇસુનો જન્મદિવસ ૨૫ ડિસેમ્બરે ઉજવવાનું નક્કી કરાયું છે.
– ન્યુઝીલેન્ડનું ઓકલેન્ડ વિશ્વનું પ્રથમ પ્રમુખ શહેર છે. જ્યાં સૌથી પહેલા નવા વર્ષનું આગમાન થાય છે.
– અમેરિકાના બેઇકર આઇલેન્ડ પર સૌથી છેલ્લે નવા વર્ષને વધાવવામાં આવે છે.
– ૨૦૧૬નું વર્ષ 'લીપ–યર' હોવાથી ૨૦૧૭નું વર્ષ ૧ સેકન્ડ મોડું આવ્યું.
– અમેરિકી નેવલ– ઓબ્વેટરી દ્વારા વૈશ્વિક સમયનું સંકલન કરવામાં આવે છે જેને કોઓર્ડીનેટેડ યુનિવર્સલ ટાઇમ કહેવાય છે.

**(૨) મહાદેવભાઇ દેસાઇની ૧૨૫મી જન્મજયંતિ :**

– ગાંધીજીના હનુમાન અને ગણેશ ગણાતા મહાદેવભાઇનો આજે ૧૨૫મો જન્મદિવસ છે.
– તનેમનો જન્મ સુરત પાસે આવેલા સરસ ખાતે ૧ જાન્યુઆરી ૧૮૯૨ના રોજ થયો હતો
– ઝવેરચંદ મેઘાણીએ તેમને અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ તરીકે ઓળખાવ્યા હતા.
– ૧૯૧૭માં તેમણે ડાયરી લખવાની શરૂ કરી હતી, જે આજે ૨૩ ભાગમાં ઉપલબ્ધ છે.
– યુના ખાતે આવેલા આગાખાન મહેલમાં ૧૯૪૨ની ૧૫ મી ઓગસ્ટે 'કર લે સિંગાર ચતુર અલબેલી ગીત ગાતાં ગાતાં તેઓ મૃત્યુને ભેંટ્યા હતાં.
– ૫૦ વર્ષની આયુમાં તેમણે ૬૦ વર્ષ ગાંધીજી સાથે ગાળ્યા હતા.
– આજે યુના આગાખાન મહેલમાં તેમની નવીનીકરણ થયેલી સમાધી છે તથા બાજુમાં કસ્તુરબાની સમાધી પણ છે.

**(૩) નવા વર્ષમાં વડાપ્રધાને ૫ યોજનાઓની ભેટ આપી :**

– વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા વર્ષની પૂર્વ સંધ્યાએ ૫ નવી યોજનાઓની જાહેરાત કરી હતી.

(૧) વરિષ્ઠ નાગરિકોને વધુ વ્યાજ :

– વરિષ્ઠ નાગરિકો માટે રૂા. ૭.૫૦ લાખ સુધીની ડિપોઝીટ પર ૧૦ વર્ષ માટે વ્યાજનો દર વધારીને ૮ ટકા કરાયો.

(૨) ગર્ભવતી મહિલાઓને રૂા. ૬૦૦૦ની મદદ :

– ગર્ભવતી મહિલાઓને રજીસ્ટ્રેશન માટે કે, ડિલેવરી, રસી મુકાવવા કે પૌષ્ટિક આહાર માટે રૂા. ૬૦૦૦ની આર્થિક સહાય કરાશે.

– સરકારી હોસ્પિટલોમાં જવાથી આ રકમ ગર્ભવતી મહિલાના ખાતમાં જમા કરાશે.

**(૩) ખેડૂતોનું ૬૦ દિવસનું વ્યાજ સરકાર ભોગવશે :**

– ખરીફ અને રવિ મોસ માટે જે ખેડૂતોએ ડિસ્ટ્રીક કોઓપરેટીવ બેન્કમાંથી કે સરકારી મંડળીઓમાંથી લોન લીધી છે. તેનું ૭ દિવસનું વ્યાજ સરકાર ભરશે.
– આગામી ત્રણ મહિનામાં ૩ કરોડ ખેડૂતોના કિસાન કાર્ડને રૂપે કાર્ડમાં બદલવામાં આવશે. જેના દ્વારા પૈસા ઉપાડી શકશે અને ખરીદ – વેચાણ કરી શકશે.

**(૪) પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બે નવી હાઉસિંગ યોજનાઓ :**

– શહેરોમાં : ૨૦૧૭માં શહેરમાં નવું ઘર બનાવવા માટે રૂા. ૯ લાખ સુધીની લોન પર વ્યાજમાં ૪ ટકા અને રૂા. ૧૨ લાખ સૂધીની લોન પર વ્યાજમાં ૩ ટકા છૂટ આપશે.
– ગામડાઓમાં : ગરીબો અને મધ્યમવર્ગના લોકો માટે જૂના મકાનો રીપેર કરાવવા તથા જૂના ઘરમાં એક કે બે માળ વધારવા માગતા હોય તેવા લોકો માટે રૂા. બે લાખ સુધીની લોન પર વ્યાજમાં ૩ ટકાની છૂટ
– પી.એમ. આવસા યોજના હેઠળ ગામડાંઓમાં બનનારા ઘરની સંખ્યામાં ૩૩ ટકાનો વધારો કરવામાં આવશે.

**(૫) ભારતીય મૂળના બ્રિટિશ પ્રોફેસરને નાઇટહુડનો ખિતાબ :**

– ભારતીય મૂળના બ્રિટિશ પ્રોફેસર શંકર બાલાસુબ્રમણ્યમનને ક્વિન એલિઝાબેથ દ્વિતિયની નાઇટહુડ સન્માન યાદીમાં સ્થાન મળ્યું છે.
– શંકર કેમ્બ્રિજ યુનિ.માં કેમિસ્ટ્રીના પ્રોફેસર તથા ડીએનએ એક્સપર્ટ છે.
– શંકર ઉપરાંત ટેનિસ સ્ટાર એન્ડી મરે તથા રનર મો. ફરાહને પણ નાઇટહુડથી સન્માનીત કરવામાં આવશે.

પ્રશ્નો :

(૧) જાન્યુઆરીથી શરૂ થતાં કેલેન્ડરનું નામ જણાવો.
– ગ્રિગોરિયન કેલેન્ડર

(૨) વિશ્વમાં સૌથી પહેલા નવા વર્ષનું આગમન ક્યાં થાય છે ?
– ઓકલેન્ડ શહેર, ન્યૂઝિલેન્ડ

(૩) વિશ્વમાં સૌથી છેલ્લે નવા વર્ષને ક્યાં વધાવવામાં આવે છે ?
– અમેરિકાના બેઇકર આઇલેન્ડ પર

(૪) ૨૦૧૬નું વર્ષ લીપ યર હોવાથી ૨૦૧૭નું વર્ષ કેટલા સમય લેટ આવ્યું ?
– ૧ સેકન્ડ

(૫) વૈશ્વિક સમયનું સંકલન કોના દ્વારા કરવામાં આવે છે ?
– અમેરિક નેવલ ઓબ્ઝવેટરી દ્વારા

(૬) ૧ જાન્યુઆરી ૨૦૧૭ મહાદેવભાઇ દેસાઇનો કેટલામો જન્મદિવસ છે ?
– ૧૨૫ મો

(૭) હાલમાં મહાદેવભાઇ દેસાઇની ડાયરી કેટલા ભાગમાં ઉપલબ્ધ છે ?
– ૨૩ ભાગમાં

(૮) મહાદેવભાઇ દેસાઇની સમાધી ક્યાં આવેલ છે ?
– આગાખાન મહેલ, પુના

(૯) કોણે મહાદેવભાઇને અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ કહ્યાં હતા ?
– ઝવેરચંદ મેઘાણ

(૧૦) ગર્ભવતી મહિલાઓને સરકારી હોસ્પિટલોમાં જવાથી કેટલી સહાય આપવામાં આવશે ?
– રૂા. ૬૦૦૦/–

## 2.January. 2017

**(૧) સોમદેવ દેવરવર્મન : ટેનિસ**

– ભારતના સ્ટાર ખેલાડી સોમદેવ દેવવર્મને પ્રોફેશનલ ટેનીસ ખેલાડી તરીકે નિવૃત્તી જાહેર કરી.
– ત્રિપુરાના અગરતલામાં ૧૩ ફેબ્રુઆરી, ૧૯૮૫ના રોજ જન્મેલ સોમદેવ કારકીર્દિમાં ૧૩૮ પ્રોફેશનલ ટેનિસ મેચ રમ્યો

જેમાંથી ૬૦ જીત્યો હતો અને ૭૮માં હારનો સામનો કરવો પડ્યો હતો.
- ૨૦૧૦ની નવી દિલ્હી કોમનવેલ્થ ગેમ્સમાં સોમદેવે મેન્સ સિંગલ્સનો ગોલ્ડમેડલ જીત્યો હતો.
- ૨૦૧૦માં જ ચિનમાં યોજાયેલ એશિયન ગેમ્સમાં મેન્સ સિંગલ્સમાં ગોલ્ડ મેડલ તથા મેડલ ડબલ્સમાં પણ સનમસિંઘ સાથે મળી ગોલ્ડમેડલ જીત્યો હતો.
- ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧માં તેને અર્જુન એવોર્ડથી સન્માનીત કરાયા હતા.

**(૨) વર્લ્ડ ટેનિસ ચેમ્પિયનશીપ એક્ઝિબેશન ટૂર્નામેન્ટ દુબઇ :**
- વર્ષ ૨૦૧૭ની શરૂઆતમાં આબુધાબી ખાતે એક્ઝિબિશન ટેનિસ ટૂર્નામેન્ટ વર્લ્ડ ટેનિસ ટુર્નામેન્ટ) યોજાઇ.
- આ સ્પેનના ટેનિસ સ્ટાર રફેલ નડાલે બેલ્જિયમના ગોફિનને પરાજય આપી આ ટૂર્નામેન્ટ જીતી લીધી હતી.
- તથા વર્લ્ડ નંબર વન એન્ડી મરેએ રાઓનિકને હરાવી ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં કયાં ભારતીય ટેનિસ ખેલાડીએ નિવૃત્તિ જાહેર કરી ?
- સોમદેવ દેવવર્મન

(૨) ૨૦૧૦ દિલ્હી કોમનવેલ્થ ગેમ્સમાં સોમદેવ વર્મને કયો મેડલ જીત્યો હતો ?
- ગોલ્ડ મેડલ

(૩) એશિયન ગેમ્સ ૨૦૧૦ કયાં યોજાઇ હતી ?
- ચીન

(૪) એશિયન ગેમ્સ ૨૦૧૦માં ટેનિસ ડબલ્સીમાં ભારતના સોમદેવ દેવવર્મને કોની સાથે જોડી બનાવી ગોલ્ડમેડલ જીત્યો હતો ?
- સનમસિંઘ

(૫) ભારત સરકારે કયાં વર્ષમાં સોમદેવ દેવવર્મનને અર્જૂન એવોર્ડથી નવાજ્યા ?
- ૨૦૧૧

(૬) વર્લ્ડ ટેનિસ ચેમ્પિયનશીપ- એક્ઝિબેશન ટૂર્નામેન્ટ જે દુબઇમાં યોજાઇ હતી તેના વિજેતા જણાવો.
- રફેલ નડાલ સ્પેન

## 3.January. 2017

**(૧) ધ પીપલ પ્રેસિડેન્ટ એ.પી.જે. અબ્દુલ કલામ :**
- પુસ્તકના લેખક : એમ.એમ. ખાન
- આ પુસ્તકનું વિમોચન હાલમાં જ ઉપરાષ્ટ્રપતિ હામિદ અંસારીએ કર્યું.
- એમ.એસ.ખાન જ્યારે અબ્દુલ કલામ રાષ્ટ્રપતિ હતા ત્યારે તેઓ પ્રેસ સેક્રેટરી હતા

**(૨) ભારતે અગ્નિ-૪ મિસાઇલનું સફળ પરિક્ષણ કર્યું :**
- તાજેતરમાં ભારતે અબ્દુલ કલામ આઇલેન્ડથી અગ્નિ-૪ મિસાઇલનું સફળ પરિક્ષણ કર્યું
- અબ્દુલ કલામ આઇલેન્ડ ઓડિશા ખાતે આવેલું છે.
- ૪૦૦૦ કિ.મી. ની રેન્જ ધરાવતી આ મિસાઇલ જમીનથી પ્રહાર કરી શકે છે.
- આ મિસાઇલ પરમાણુ વોરહેડ લઇ જવા સક્ષમ છે.
- અબ્દુલ કલામ આઇલેન્ડને વિલર આઇલેન્ડ પણ કહેવાય છે.

**(૩) સાવિત્રીબાઇ ફુલે જન્મજયંતિ :**
- મહિલાઓ માટે સમાજ સુધારક તરીકે લડવામાં અગ્રેસર સાવિત્રીબાઇ ફુલેની આજે ૧૮૬મી જન્મજયંતિ છે.
- તેમનો જન્મ ૩ જાન્યુઆરી ૧૮૩૧ના રોજ થયો હતો.
- તેઓ ભારતના પ્રથમ મહિલા શિક્ષક અને પ્રથમ પ્રાચાર્યા પણ રહ્યા હતા.
- માત્ર ૧૩ વર્ષની ઉંમરમાં જ તેમના લગ્ન જ્યોતિરાવ સાથે થયા હતા.
- ૧૮૪૮માં તેમના પતિ જ્યોતિરાવ સાથે મળી તેમણે પુણેના ભિંડેવાડા વિસ્તારમાં મહિલાઓ માટે પહેલી શાળા શરૂ કરી હતી.
- પ્લેગના રોગીઓની સારવાર કરતાં તેઓ પણ પ્લેગના ભોગ બની ગયા હતા અને ૧૦ માર્ચ, ૧૮૯૭ના રોજ તેમનું નિધન થયું હતું.

**(૪) સુપ્રિમ કોર્ટ બીસીસીઆઇના પ્રમુખ અને સેક્રેટરીને પદ પરથી હટાવ્યા. :**
- સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ જસ્ટિસ લોઢા સમિતિની ભલામણોને આધારે સુપ્રીમ કોર્ટ બીસીસીઆઇના પ્રમુખ ફ અનુરાગ ઠાકુર તથા સેક્રેટરી અજય સિર્કેને પદ પરથી હટાવ્યા છે.
- આ ઉપરાંત આગામી સમયમાં બીસીસીઆઇમાં અનેક ફેરફાર કરવામાં આવશે.
- નવી કારોબારી નહીં ચૂંટાય ત્યાં સુધી સીઇઓ રાહુલ જોહરી તથા વાઇસ પ્રેસિડેન્ટ અમિતાભ ચૌધરી બીસીસીઆઇની કામગીરી સંભાળશે.
- બીસીસીઆઇ : બોર્ડ ઓફ ક્રિકેટ કંટ્રોલ ઇન ઇન્ડિયા

પ્રશ્નો :

(૧) ધ પીપલ પ્રેસિડેન્ટ એ.પી.જે. અબ્દુલ કલામ પુસ્તકના લેખક જણાવો.
- એસ.એમ. ખાન

(૨) એસ.એમ. ખાન. લીખીત પુસ્તકનું વિમોચન કોણે કર્યું હતું ?
- ડૉ. હામિદ અંસારી

(૩) ૨ જાન્યુઆરીના રોજ ભારતે અગ્નિ શ્રેણીની કઇ મિસાઇલનું સફળ પરિક્ષણ કર્યું ?
- અગ્નિ-૪

(૪) અગ્નિ-૪ની રેન્જ જણાવો.
- ૪ હજાર કિ.મી.

(૫) અગ્નિ-૪નું સફળ પરિક્ષણ કયાં કરાયું હતું ?
- અબ્દુલ કલામ આઇલેન્ડ, ઓડિશા

(૬) અબ્દુલ કલામ આઇલેન્ડને બીજા કયાં નામથી ઓળખવામાં આવે છે ?
- વિલર આઇલેન્ડ

(૭) ૩ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ સાવિત્રીબાઇ ફુલેની કેટલામી જન્મજયંતિ ઉજવાઇ ?
- ૧૮૬

(૮) દેશના પ્રથમ મહિલા શિક્ષક કોણ હતા ?
- સાવિત્રીબાઇ ફુલે

(૯) હાલમાં (૩ જાન્યુઆરી, ૨૦૧૭) બીસીસીઆઇના સીઇઓ કોણ છે ?
- રાહુલ જોહરી

(૧૦) હાલમાં (૩ જાન્યુઆરી, ૨૦૧૭) બીસીસીઆઇના વાઇસ પ્રેસિડેન્ટ કોણ છે ?
- અમિતાભ ચૌધરી

(૧૧) બીસીસીઆઇનું પુરૂ નામ જણાવો.
- બોર્ડ ઓફ ક્રિકેટ કંટ્રોલ ઇન ઇન્ડિયા

## 4.January. 2017

Vivekanand Academy Gandhinagar

**(૧) દેશની પ્રથમ ડિજિટલ ચેકપોસ્ટ – શામળાજી :**

- શામળાજી ચેકપોસ્ટને દેશની પ્રથમ ચેકપોસ્ટ બનાવવામાં આવી છે.
- ચેકપોસ્ટ ઉપર ભ્રષ્ટાચાર નાબુદ થાય તે હેતુથી દેશની આ પ્રથમ ડિજિટલ ચેકપોસ્ટનું ૩૦ ડિસેમ્બરના રોજ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે લોકાર્પણ થયું હતું.
- શામળાજી અરવલ્લી જિલ્લામાં આવેલું છે.

**(૨) બાયોગેસથી ચાલતી પ્રથમ બસ કોલકત્તામાં શરૂ થશે :**

- કોલકત્તામાં માર્ચ, ૨૦૧૭ સુધીમાં ચાલતી પ્રથમ બસ સેવા શરૂ થઇ જશે.
- આ બસ કોલકત્તાના ઉલટાદંગા અને ગરિયા વચ્ચેના ૧૭.૫ કિ.મીના અંતરને આવરી લેશે.
- આ બે સ્થળ વચ્ચેનું ભાડુ માત્ર ૧ રૂપિયો રાખવામાં આવશે.
- આ બસ પ્રતિ કિ.ગ્રા ૨૦ કિ.મીનું અંતર કાપશે
- દિલ્હી ખાતે ઉત્પાદન થઇ રહેલ આ બસ ૬૦ બેઠકો વાળી હશે જેમાં ટાટા મોટર્સની ચેસીસનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.
- બાયોગેસ એ સૌથી સસ્તુ ઇંધણ છે.
- બાયોગેસ પ્રાણીઓ અને છોડના જૈવિક કચરામાંથી બને છે. જેમાં મુખ્યત્વે મિથેન ગેસ હોય છે.
- તે બીનઝેરી, રંગવિહીન અનજે જ્વલનશીલ વાયુ છે જેનો ઉપયોગ વાહનોમાં રસોઇયા અને વિજળી પેદા કરવામાં થાય છે.

**(૩) ચિત્રકૂટ એવોર્ડ :**

- શિક્ષણક્ષેત્રે આગવી કામગીરી કરનાર શ્રેષ્ઠ શિક્ષકોને તલગાજરડા ખાતે મોરારીબાપુના હસ્તે ચિત્રકૂટ એવોર્ડ આપવામાં આવે છે.
- આ એવોર્ડમાં રૂ. ૨૧ હજાર રોકડા તથા પ્રશંસાપત્ર તેમજ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવે છે.
- આ વર્ષે ૧૧ શિક્ષકોને આ એવોર્ડથી સન્માનીત કરવામાં કરવામાં આવ્યા.

## 5.January. 2017

**(૧) મહેન્દ્રસિંહ ધોની : ભારતીય ક્રિકેટર**

- ભારતીય ક્રિકેટ ટીમના માઇલસ્ટોનમેન મહેન્દ્રસિંહ ધોનીએ વન-ડે અને ટી-૨૦ ટીમના કેપ્ટન તરીકે રાજીનામું આપ્યું.
- ધોનીની કેપ્ટન્સી હેઠળનો રેકોર્ડ

| મેચ ફોર્મેટ | જીત | હાર | ટાઇ | અનિર્ણિત |
|---|---|---|---|---|
| ૬૦ ટેસ્ટ મેચ | ૨૭ | ૧૮ | ૧૫ (ડ્રો) | |
| ૧૯૯ વન ડે | ૧૧૦ | ૭૪ | ૪ | ૧૧ |
| ૭૨ ટી-૨૦ મેચ | ૪૧ | ૨૮ | ૧ | ૨ |

- વન ડે વર્લ્ડકપ (૨૦૧૧), ટી-૨૦ વર્લ્ડકપ (૨૦૦૭) અને ચેમ્પિયનશીપ ટ્રોફી (૨૦૧૩) જીતનારો દુનિયાનો એકમાત્ર કેપ્ટન
- કેપ્ટન તરીકે છેલ્લી વન ડે મેચ : ઇંગ્લેન્ડ અને ઇન્ડિયા એ (પ્રેક્ટીસ મેચ)
- ધોનીએ ડિસેમ્બર, ૨૦૧૪ ટેસ્ટમેચમાં રાજીનામું આપ્યું હતું.
- તેણે વર્ષ ૨૦૦૪માં શ્રીલંકા વિરૂદ્ધ ૧૮૩ રના બનાવ્યા હતા. વે વિકેટકિપર તરીકે સૌથી શ્રેષ્ઠ સ્કોર છે.

**(૨) અંડર-૩૦ સુપર એચિવર્સ – ફોર્બ્સ :**

- અમેરિકાના પ્રખ્યાત ફોર્બ્સ સામાયિકનો નવા વર્ષનો પ્રથમ અંક વિવિધ ક્ષેત્રોમાં સફળતા મેળવી ચૂકેલા યુવા પ્રતિભાઓ પર આધારીત છે.
- ફોર્બ્સ મેગેઝિને ૨૦ ઉદ્યોગ ક્ષેત્રે ઉપલબ્ધિ મેળવનારા ૩૦ વર્ષથી ઓછી ઉંમરના ૬૦૦ યુવાનોને આ યાદીમાં સામેલ કર્યા છે.
- યાદીમાં સ્વાસ્થ્ય, નિર્માણ, રમત, નાણાં જેવા ૨૦ ક્ષેત્રને આવરી લેવાયા છે.
- આ યાદીમાં બે ગુજરાતી સહિત ૩૦ ભારતીય મૂળના યુવાનોને સ્થાન મળ્યું છે.

બે ગુજરાતી :

(૧) પ્રાર્થના દેસાઇ : તેની હેલ્થકેર કંપની ઝિપલાઇન રવાન્ડામાં ડ્રોનથી દવાઓ મોકલવાનો પ્રયાસ કરે છે.

(૨)શોન પટેલ : ઓર્થોપેડીક સર્જન

**(૩) ૫ રાજ્યોમાં ચૂંટણીની જાહેરાત**

- ચૂંટણીપંચે ૫ રાજ્યોની વિધાનસભા ચૂંટણીની તારીખ જાહેર કરી.
- ઉત્તરપ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુર

**(૧) ઉત્તરપ્રદેશ**

વર્તમાન મુખ્યમંત્રી : અખિલેશ યાદવ
પક્ષ : સમાજવાદી પાર્ટી
કુલ સીટ : ૪૦૩
પાટનગર : લખનૌ
કુલ સાત તબક્કામાં મતદાન થશે.

**(૨) પંજાબ :**

વર્તમાન મુખ્યમંત્રી : પ્રકાશસિંહ બાદલ
પક્ષ : અકાલીદળ ભાજપ
કુલ સીટ : ૧૧૭
પાટનગર : ચંદીગઢ
૪ ફેબ્રુઆરીના રોજ મતદાન થશે.

**(૩) ગોવા :**

વર્તમાન મુખ્યમંત્રી : લક્ષ્મીકાંત પારસેકર
પક્ષ : ભાજપ
કુલ સીટ : ૪૦
પાટનગર : પણજી
૪ ફેબ્રુઆરીના રોજ મતદાન થશે.

**(૪) ઉત્તરાખંડ :**

વર્તમાન મુખ્યમંત્રી : હરીશ રાવત
પક્ષ : કોંગ્રેસ
પાટનગર દહેરાદૂન
૧૫ ફેબ્રુઆરીના રોજ મતદાન થશે.

**(૫) મણિપુર :**

વર્તમાન મુખ્યમંત્રી : ઓંકરામ ઇબોબીસિંહ
પક્ષ : કોંગ્રેસ
કુલ સીટ : ૬૦
પાટનગર : ઇમ્ફાલ, ગુવાહટી
બે તબક્કામાં મતદાન થશે.

- તમામ રાજ્યોની મતગણતરી એકસાથે જ ૧૧ માર્ચના રોજ થશે.

**(૪) ગુરૂગોવિંદસિંહ જન્મજયંતિ :**

- આજ ગુરૂગોવિંદસિંહજીની ૩૫૦ મી જન્મજયંતિ ઉજવાઇ.
- આ પ્રસંગે બિહારના પટના ખાતે પ્રકાશ ઉત્સવનું કરવામાં આવ્યું હતું.
- પ્રકાશ ઉત્સવમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, બિહારના મુખ્યમંત્રી નિતિશકુમાર તથા અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા.

## 6.January. 2017

**(૧) રાજ શાહ : ગુજરાતી મૂળના અમેરિકન**

- અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય મૂળના રાજ શાહને વ્હાઇ હાઉસમાં કોમ્યુનિકેશન અને રિસર્ચના ડેપ્યુટી ડાયરેક્ટર પદે નિયુક્તિ કરી
- રાજ હાલમાં રિપબ્લિકન નેશનલ કમિટીમાં રિસર્ચ ડાયરેક્ટર છે.
- તેઓ જ્યોર્જ બુશના કાળમાં પણ વ્હાઇટ હાઉસમા રિસર્ચ આમિસ્ટન્ટ તરીકે કામ કરી ચૂક્યા છે.

**(૨) મેસેન્ટરી – માનવ શરીરનું નવું અંગ :**

- માનવ શરીરમાં મેસેન્ટરી નામનું નવું અંગ મેડીકલ જગતને ધ્યાનમા આવ્યું.
- આ સાથે હવે માનવ શરીરમાં અંગોની સંખ્યા એક વધીને ૭૯ થઇ
- મેડીકલ ક્ષેત્રના અગ્રણી સંશોધનપત્ર 'ધ લાન્સિટ' માં આ અંગેનો અહેવાલ ડૉ.કાલ્વિન કોફીએ રજૂ કર્યો હતો.
- મેસેન્ટરી નામનું આ અંગ નાના અને મોટા આંતરડાને જોડે છે.
- આ અંગ આંતરડા કે પછી પાચનતંત્રનો જ ભાગ છે. એમ માની ધ્યાને લેવામાં આવ્યું ન હતું.

**(૩) યુનુસ ખાન : પાકિસ્તાની ક્રિકેટર :**

- તાજેતરમાં પાકિસ્તાનના બેટ્સમેન યુનુસ ખાને ઓસ્ટ્રેલિયા સામેની સીડની ટેસ્ટમેચમાં નોટ આઉટ સદી ફટકારી
- આ સાથે તેણે ૧૧ યજમાન દેશમાં સદી ફટકારવાની અનોખી સિંદ્ધિ હાંસલ કરી
- આ સિદ્ધિ હાંસલ કરનાર તે દુનિયાનો પ્રથમ બેટ્સમેન બની ગયો છે.
- અગાઉ આ રેકોર્ડ રાહુલ દ્રવિડ, મહિલા જયવર્દને કુમાર, સંગાક્કારા તેમજ મહોમ્મદ યુસુફના નામે હતો. જેઓ ૧૦ દેશોની ભૂમિ પર સદી ફટકારી ચૂક્યા હતા.

## 7.January. 2017

**(૧) વર્ષ ૨૦૧૬-૧૭ માટે જીડીપી અંદાજ :**

- સરકારના અંદાજ મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ની સરખામણીમાં ૨૦૧૬-૧૭માં આર્થિક વિકાસ ધીમો રહેશે.
- સરકારના અંદાજ મુજબ ૨૦૧૬-૧૭માં જીડપી ૭.૧ ટકા રહેશે.
- વર્ષ ૨૦૧૫-૧૬નો જીડીપી ૭.૬ ટકા રહ્યો હતો.
- જીડીપી વિકાસનો આ અંદાજ ઔદ્યોગિક ઉત્પાદનના આંકડાઓને આધારે મૂકવામાં આવ્યો છે.
- તેમજ માથાદીઠ આવકમાં પણ ૧૦ ટકા વધારો થવાની શક્યતા છે.
- ચાલુ નાણાકીય વર્ષમાં વાર્ષિક માથાદિઠ આવક ૧,૦૩,૦૦૭ રૂપિયા રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. જે ૨૦૧૫-૧૬માં વાર્ષિક માથાદિઠ આવક ૯૨.૨૯૩ રૂપિયા હતી.

**(૨) વિરાટ કોહલી – ભારતીય ક્રિકેટર :**

- ભારતીય વન ડે અને ટી-૨૦ ટીમના નવા સુકાની તરીકે વરણી કરવામાં આવી
- મહેન્દ્રસિંહ ધોનીએ કેપ્ટન પદે રાજીનામું આપતા કોહલી હવે ત્રણેય ફોર્મેટમાં કેપ્ટન બની ગયો છે.

**(૩) ઓમ પુરી : અભિનેતા :**

- દિગ્ગજ ફિલ્મ અભિનેતા ઓમપ્રકાશ પુરીનું ૬૬ વર્ષની વયે અવસાન.
- જન્મ : ૧૮ ઓક્ટોબર ૧૯૫૦, અબ્બલા, પંજાબ, (હાલનું હરિયાણા)
- બહુમુખી પ્રતિભા ધરાવતાં ઓમ પુરીએ મરાઠી ફિલ્મથી એક્ટર તરીકે કારકીર્દિ શરૂ કરી હતી.
- ત્યારબાદ તેમણે બોલિવુડ, પાકિસ્તાની બ્રિટિશ અને હોલીવુડ ફિલ્મોમાં કામ કર્યું હતું.
- પુણેની પ્રસિદ્ધ ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયામાં અભિનયનો અભ્યાસ કર્યા પછી દિલ્હી ખાતે નેશનલ સ્કુલ ઓફ ડ્રામામાં અભિનયની તાલીમ મેળવી
- નસીરૂદ્દીન શાહ એ વખતે તેમના બેચેટ હતા
- ૨૦૧૬માં આવેલી 'એક્ટર ઇન લો' તેમની છેલ્લી પાકિસ્તાની ફિલ્મ હતી.
- તથા સલમાન ખાત અભિનિત 'ટ્યુબલાઇટ' તેમની અંતિમ ફિલ્મ હતી.
- ભારત સરકાર તરફથી પદ્મશ્રી એવોર્ડ વિજેતા ઓમ પુરીને 'આરોહણ' અને 'અર્ધસત્ય' ફિલ્મ માટે નેશનલ એવોર્ડ મળ્યા હતા.

## 8.January. 2017

**(૧) દેશની ૫ નવી IIT માં ડિરેક્ટરની નિમણૂંક :**

- દેશની ૫ નવી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IIT)માં ડિરેક્ટરની નિમણૂંક કરાઇ
  (૧) IIT તિરૂપતિ – પ્રો સત્યનારાયણ
  (૨) IIT પલક્કડ- પ્રો. સુનિલ કુમાર
  (૩) IIT ભિલાઇ-દુર્ગ – પ્રો રજન મૂન
  (૪) IIT ગોવા – પ્રો બી.કે. મિશ્રા
  (૫) IIT ધારવાડ – પ્રો. પાશુમૂર્તિ
- દેશમાં હવે આઇઆઇટી ની કુલ સંખ્યા ૨૩ છે.
- માનવા સંશાધન મંત્રાલયના મિનિસ્ટર આઇઆઇટી કાઉન્સિલ ચેરપર્સન હોય છે.
- પ્રથમ આઇઆઇટી : આઇઆઇટી ખડગપુર, ૧૯૫૧

**(૨) કચ્છના ભૂજોડીમાં બન્યું મિનિ સંસદ :**

- કચ્છના ભૂજ તાલુકાના ભૂજોડી ગામમાં ભારતીય સંસદ જેવું મિનિસંસદ તૈયાર કરવામાં આવ્યું
- ભૂજોડીમાં હિરાલક્ષ્મી મેમોરિયલ પાર્કના ૧૨ એકર પરિસરમાં આ 'વંદે માતરમ્ મેમોરીયલ બનાવવામાં આવ્યું
- આ મિનિ સંસદમાં પ્રવાસીઓ માટે આઝાદીના ૧૭ એપીસોડ ઉભા કરાયા છે.
- ટૂંક સમયમાં વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પણ થયા બાદ આ મિનિસંસદ પ્રવાસીઓ માટે ખુલ્લુ મુકવામાં આવશે ?

**(૨) પંકજ પટેલ : ફિક્કીના નવા ચેરમેન :**

- ઝાયડસ કેડિલા ગ્રુપના ચેરમેન પંકજભાઇ પટેલની FICCI ના પ્રેસિડેન્ટ તરીકે વરણી કરવામાં આવી
- FICCI: ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી
- ફિક્કીએ વ્યાપારી સંસ્થાઓનું ગ્રુપ છે જેની સ્થાપના ૧૯૨૭માં થઇ હતી.
- મહાત્મા ગાંધીની સલાહથી જી.ડી.બિરલા અને પુરૂષોત્તમદાસ ઠાકુરદાસે ફિક્કીની સ્થાપના કરી.

**(૪) બ્રિસબેન ઓપન – ટેનિસ :**

- બ્રિસબેન ઓપન મહિલા ડબલ્સમા ભારતની સાનિયા મિર્ઝા અને અમેરિકાની બેથાની માટેક સેન્ડર્સની જોડી ચેમ્પિયન બની.
- બ્રિસલેન ઓપનનું ટાઇટલ જીત્યાબાદ સાનિયા મિર્ઝાએ નંબર વંનનું સ્થાન ગુમાવ્યું

Vivekanand Academy Gandhinagar

- અમેરિકાની બેથાની માટેક સેન્ડ્ર્સ નંબરવન ખેલાડી બની ગઇ છે.
- સાનિયા મિર્ઝા ૧૩ એપ્રિલ – ૨૦૧૫ના રોજ મહિલા ડબલ્સમાં નંબરવન બની હતી (૯૧ સપ્તાહ)
- બ્રિસબેન ઓપન મહિલા ડબલ્સમાં આ જોડીએ રશિયાની એક્ટેરિના મેહેરોવા અને એલિના વેસનિનાની જોડીને ઠરાવી હતી.
- મહિલા સિંગલ્સ વિજેતા : કેરોલિના પ્લિસ્કોવા, ચેક ગણરાજ્ય
- રનર્સ અપ : એલિઝ કોર્નેટ, ફ્રાંસ
- પુરૂષ સિંગલ્સ વિજેતા : ગ્રીગોર ડિમિટ્રોવે, બુલ્ગારીયા
  રનર્સ અપ : નિશિકોરી, જાપાન

## 9.January. 2017

**(૧) પ્રવાસી ભારતીય દિવસ :**

- ૯ જાન્યુઆરી, ૧૯૧૫ના રોજ મહત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પરત આવ્યા હતા.
- અરેબિયા નામના જહાજમાં મુંબઇના એપોલો બંધ પર ઉતર્યો હતા.
- વર્ષ ૨૦૦3માં વાજપાઇ સરકાર વખતે વિદેશ મંત્રાલય દ્વારા આ દિવસ મનાવવાની શરૂઆત કરાઇ હતી.
- આ વખતનો ક્રમ ૧૪ મો
- કર્ણાટકના બેંગ્લુરૂ ખાતે ૮ થી ૯ જાન્યુઆરી દરમિયાન પ્રવાસી ભારતીય દિવસનું આયોજન થયું.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્દ્ઘાટન થયું તથા રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દ્વારા સન્માન થયું
- આ વર્ષની થીમ : રિડિફાઇનીંગ એંગેજમેન્ટ વીથ ધ ઇન્ડિયન
- મુખ્યમહેમાન : પોર્ટુગલના વડાપ્રધાન એન્ટોનિયા કોસ્તા
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દ્વારા ભારતીય મૂળના ડૉ. ભરત બરઇ અને ડૉ. સંપત શિવાંગીને પ્રવાસી ભારતીય સન્માનથી નવાજવામાં આવ્યા.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદેશમાં વસતા ભારતીયોને તેમના પર્સન ઓફ ઇન્ડિયન ઓરિજિન (PIO) કાર્ડને ઓરસીઝ સિટિઝન ઓફ ઇન્ડિયા (OCI) માં બદલવા ૬ મહિનાની મુદ્દત વધારી ૩૦ જૂન, ૨૦૧૭ કરી.
- કર્ણાટક : સી.એમ. શ્રી સિદ્ધારામૈયા
- વર્ષ ૨૦૧૬માં પ્રવાસી ભારતીય દિવસનું આયોજના થયું ન હતું.
- છેલ્લે વર્ષ ૨૦૧૫માં ગુજરાતના ગાંધીનગર ખાતે ૧૩ મો પ્રવાસી ભારતીય દિવસ ઉજવાયો હતો જેની થીમ 'અપના ભારત, અપના ગૌરવ' હતો.

**(૨) ગીરનાર આરોહણ–અવરોહણ સ્પર્ધા :**

- જૂનાગઢ ખાતે રાજયકક્ષાની ૩૨મી ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા યોજાઇ.
- સ્પર્ધામાં ભાઇઓ માટે ૫૦૦૦ પગથીયા ચડીને ઉતરવાના હોય છે જ્યારે બહેનો માટે ૨૨૦૦ પગથીયા હોય છે.
- સિનિયર ભાઇઓમાં ઉનાના રાજેશ ચૌહાણે માત્ર ૫૮.૧૭મિનિટમાં સ્પર્ધા પૂર્ણ કરી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જ્યારે સિનિયર બહેનોમાં ગીતા ગોહેલ ૪૫.૦૬ મિનિટમાં સ્પર્ધા પૂર્ણ કરી પ્રથમ ક્રમે મેળવ્યો હતો.

**(૩) વોટર વેરિફાઇડ પેપર ઓડિટ ટ્રેઇલ (VVPAT)**

- ઇવીએમ પર મતદાન કયો પછી મતદાર આ મશીનની મદદથી તેમણે આપલો મત તેમના ઇરાદા મુજબના સ્થાન સુધી પહોચ્યો છે કે નહી તેની તપાસ કરી શકશે.
- મતદાર દ્વારા મત આપતા જ ક્રમ, નામ અને જે ઉમેદવાર પર પસંદગી ઉતારી હોય તેના પ્રતિક સાથેની પહોંચ મશીનમાં સાત સેકન્ડ સૂધી દેખાશે.
- આ સમયમાં મતદારને લાગે કે તેણે ખોટી પસંદગી કરી છે તો તેની પસંદગી બદલી શકે છે.
- દેશમાં સૌપ્રથમ વાર ગાઝિયાબાદ વિધાનસભાની ચૂંટણીમાં આ મશીનનો ઉપયોગ કરવામાં આવશે.

## 10.January. 2017

**(૧) પ્રિયંકા ચોપરા – અભિનેત્રી : ગોલ્ડન ગ્લોબ એવોર્ડ સમારોહમાં**

- તાજેતરમાં હોલિવુડમાં બેવર્લી હિલ્સ ખાતે ૭૪મો 'ગોલ્ડન ગ્લોબ એવોર્ડ' સમારોહ યોજાયો.
- આ સમારોહમાં ભારતની અભિનેત્રી પ્રિયંકા ચોપરા એવોર્ડ સેરેમની સંચાલનનો ભાગ બની હતી.
- ધ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ અમેરિકન ફિલ્મ–ટેલિવિઝન ઇન્ડસ્ટ્રીનો મહત્વપૂર્ણ એવોર્ડ છે.
- વિશ્વકક્ષાએ તેનું મહત્વ ઓસ્કાર પછી બીજા ક્રમનું છે.
- ગ્લોબ એવોર્ડ હોલિવુડનો છે. પણ જગતના ૫૫ દેશના પત્રકારો મળીને વિજેતા નક્કી કરે છે.
- એવોર્ડમાં નામ પ્રમાણે ગ્લોબ આવે એટલે કે પૃથ્વીનો ગોળો એક સ્ટેન્ડ પર રાખીને આપવામાં આવે છે જેના પર સોનાનું પડ ચડાવેલું હોય છે.
- સામાન્ય રીતે ચેક ટ્રોફીની અંદાજે કિંમત ૮૦૦ ડોલર થાય છે.
- એવોર્ડઝ વિજેતાઓની યાદી :
  બેસ્ટ મોશન પિક્ચર ડ્રામા : મૂન લાઇટ
  બેસ્ટ પિક્ચર, કોમેડી / મ્યુઝિકલ – લા લા લેન્ડ
  બેસ્ટ એક્ટ્રેસ ડ્રામા – ઇઝાબેલ હ્યુપર્ટ (એલે)
  બેસ્ટ એક્ટર ડ્રામા – કેસી એફલેક (માન્ચેસ્ટર બાય ધ સી)
  બેસ્ટ ડાયરેક્ટર – ડેમિન ચાઝેલે (લા લા લેન્ડ)
- સૌથી વધુ ૭ એવોર્ડ લા લા લેન્ડ ફિલ્મને મળ્યા જે ગોલ્ડન ગ્લોબ એવોર્ડના ૭૪ વર્ષના ઇતિહાસમાં બીજી કોઇ ફિલ્મને નથી મળ્યા

**(૨) પાકિસ્તાને બાબર–૩ મિસાઇલનું સફળ પરિક્ષણ કર્યું :**

- પાકિસ્તાને સબમરીનમાંથી લોન્ચ થઇ શકતી પરમાણુ મિસાઇલ બાબર–૩નું સફળ પરિક્ષણ કર્યું
- હિન્દ મહાસાગરમાં કોઇ અજાણી જગ્યાએથી ફાયર કરવામાં આવ્યું હતું.
- બાબર–૩ની રેન્જ ૪૫૦ કિ.મી. સુધીની છે.
- અગાઉ ડિસેમ્બર–૨૦૧૬માં પાકિસ્તાને બાબર–૨નું સફળ પરિક્ષણ કર્યું હતું જે જમીનથી પ્રહાર કરી શકે છે.
- પાકિસ્તાને આ મિસાઇલોના નામનો મોગલ સમ્રાટ ઝાહિર – ઉદ–દિન બાબર પરથી રાખ્યા છે.

## 11.January. 2017

**(૧) નોર્વેમાં FM રેડિયો બંધ :**

- નોર્વે ૧૧ જાન્યુઆરીથી પોતાના એફએમ રેડિયો નેટવર્ક બંધ કરી રહ્યું છે.
- આમ કરનાર તે દુનિયાનો પ્રથમ દેશ બની જશે.
- પોતાના ડિજિટલ ઓડિયો બ્રોડકાસ્ટિંગને સપોર્ટ કરવા માટે તેણે આમ કર્યું છે.

**(૨) રેલવે એ નવી એપ લોન્ચ કરી**

Vivekanand Academy Gandhinagar

- રેલ્વે પ્રધાન સુરેશ પ્રભુએ IRCTC રેલ કનેક્ટ નામની નવી મોબાઇલ એપ લોન્ચ કરી
- આ એપની મદદથી વધારે ઝડપથી ટીકીટ બુક થશે. ઉપરાંત આ એપ વધારે સુરક્ષિત છે.

**(૩) ૨૦૧૬ થી ફિફા વર્લ્ડકપમાં ૪૮ ટીમ રમશે :**

- ફૂટબોલની સૌથી મોટી સંસ્થા ફિફાએ ૨૦૨૬ના વર્લ્ડકપમાં ૩૨ને બદલે ૪૮ ટીમ રમડવાનો નિર્ણય કર્યો છે ?
- ૧૯૯૮ના વર્લ્ડકપના ૨૮ વર્ષ બાદ ટીમોની સંખ્યામાં વધારો થાશે.
- આગામી વર્લ્ડ કપ ૨૦૧૮માં રશિયા ખાતે યોજાશે.
- ફિફાના અધ્યક્ષ : ગિયાનો ઇનેફિન્ટનો

**(૪) કરૂણા અભિયાન :**

- ગુજરાતમાં ઉત્તરાયણનો તહેવાર ભારે ઉત્સાહપૂર્વક ઉજવાય છે.
- આ દિવસો દરમિયાન પતંગના દોરાથી પક્ષિઓના મૃત્ય અને ઇજા થતી હોય છે.
- આવા બનાવો નિવારવા અને પક્ષીઓને તાકીદે સારવાર મળી રહે તે માટે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યભરમાં ૨૦ જાન્યુઆરી સુધી 'કરૂણા અભિયાન' હાથ ધરવા આદેશ કર્યો છે.
- આ અભિયાનમાં અનેક જીવદયા સંસ્થાઓ જોડાઇ છે તથા દરેક તાલુકા મથકોએ હેલ્પલાઇન, વિવિધ સ્થળોએ ઓપરેશન થીયેટરો અને પક્ષીઓની સારવારના કેન્દ્રો ઉભા કરવાનું આયોજન કરાય છે.

**(૫) ફિફા એવોર્ડ સમારંભ :**

- પોર્ટુગલના સુપરસ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયો રોનાલ્ડોને ફૂટબોલર ઓફ ધ યર થી નવાજવામાં આવ્યો.
- આ એવોર્ડ માટે રોનાલ્ડોને ૩૪.૫૪ ટકા વોટ મળ્યા હતા. જ્યારે મેસ્સીને ૨૬.૪૨ તથા ગ્રીઝમેને ૭.૫૩ ટકા વોટ મળ્યા હતા.
- વિમેન્સમાં અમેરિકાની કાર્લી લોઇડને બેસ્ટ પ્લેયર એવોર્ડ એનાયત થયો હતો.

## 12.January. 2017

**(૧) રાષ્ટ્રીય યુવા દિવસ :**

- આગામી વિવેકાનંદની ૧૫૪મી જન્યજયંતિ
- ભારત સરકાર તેમના જન્મદિને દર વર્ષે રાષ્ટ્રીય યુવા દિવસ ઉજવે છે.
- તેમનો જન્મ ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ના રોજ થયો હતો.

**(૨) વિશ્વ દિકરી દિવસ**

**(૩) ભારતમાં જીડીપીનો વિશ્વબેંકનો અંદાજ :**

- નોટબંધીના કારણે વિશ્વબેંકે ભારતનો જીડીપી ઘટાડીને વર્ષ ૨૦૧૬-૧૭નો અંદાજ ૭ ટકા કર્યો.
- અગાઉ ૭.૬ ટકાનો અંદાજ હતો.
- આ ઉપરાંત વર્ષ ૨૦૧૮ સુધીમાં ૭.૬ વિકાસ દર રહેશે. એવો અંદાજ વિશ્વબેંકે આપ્યો હતો.
- વર્લ્ડ બેંકનું હેડક્વાર્ટર : વોશિગ્ટન, યુએસએ

**(૪) બાળકના જન્મ સાથે આધારકાર્ડ :**

- રાજકોટ શહેર જિલ્લાની સરકારી હોસ્પીટલમાં જન્મેલા બાળકોના જન્મ સાથે જ આધારકાર્ડ નિકળી જાય તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.
- આ નવતર પ્રયોગ કરનાર રાજકોટ દેશભરમાં પ્રથમ શહેર છે.
- આ માટે તાજા જન્મેલા બાળકોના ફિંગરપ્રિન્ટ કે આઇ લેવાની જરૂર નથી, પરંતુ તેમના માતા-પિતાના નામ સરનામા અને બાળકના ફોટા લેવાશે. અને સ્થળ પર જ આધાર કાર્ડ કાઢી અપાશે.

## 13.January. 2017

**(૧) એન. ચંદ્રશેખરન :-**

- ટીસીએસના મેનેજિંગ ડિરેક્ટર તેમજ સીઇઓ નટરાજન ચંદ્રશેખરન તાતા સન્સના નવા ચેરમેન તરીકે નિયુક્તિ કરાયા છે.
- તેઓ ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૭થી હોદ્દો સંભાળશે તથા વચગાળાના ચેરમેન રતન તાતાનું સ્થાન લેશે.
- મુંબઇ ખાતે તાતા સન્સની બોર્ડ મિટિંગમાં રતન તાતા સહીત પાંચ સભ્યોની સમિતિ દ્વારા આ નિર્ણય લેવાયો હતો.
- ચંદ્ર શેખરન વર્ષ ૧૯૮૭માં ટકા ગ્રુપમાં જોડાયા હતા અને વર્ષ ૨૦૦૯માં ટીસીએસના સીઇઓ બન્યા હતા.
- ટીસીએસમા હવે એન. ચંદ્રશેખરનના સ્થાને ટીસીએસના વર્તમાન સીએફઓ રાજેશ ગોપીનાથન નવા સીઇઓ બનશે.
- એન. ચંદ્રશેખરન તાતા સન્સના ૧૫૦ વર્ષના ઇતિહાસમાં પહેલા બિનપારસી ચેરમેન બન્યા

**(૨) દિલ્હીમાં બનશે ભારતનું મેડમ તુષાદ મ્યુઝિયમ :**

- 'મીણના પુતળા ' માટે વિખ્યાત બનેલા મેડમ તુષાદ મ્યુઝિયમની ભારતમાં પહેલી શાખા નવી દિલ્હીમાં ખુલશે
- આ મ્યુઝિયમ કનોટ પ્લેસના રીગલ સીનેમા કેમ્પસના પહેલા અને બીજા માળે આવેલું છે.
- આ વર્ષ જૂન મહિનામાં તેનું ઉદ્દ્ઘાટન થશે.
- તેમાં નરેન્દ્ર મોદી, અમિતાભ બચ્ચન, સચીન તેડુંલકર સહીત ૫૦ જેટલી પુતળા મુકવામાં આવશે.

**(૩) ફિફા રેન્કિંગમાં ભારત ૧૨૯માં ક્રમે :**

- તાજેતરમાં ફિફાના રેન્કિંગ મુજબ ભારતીય ટીમ ૧૨૯માં ક્રમે પહોંચી ગઇ છે.
- છેલ્લા એક દશકામાં પ્રથમ વખત પોતાની સર્વશ્રેષ્ઠ રેન્કિંગ પર ભારતીય ટીમ પહોંચી ગઇ છે.
- ભારતીય ફૂટબોલ ટીમ કેપ્ટન : ગુરપ્રીતસિંઘ સંધુ
- ભારતીય ફૂટબોલટીમ કોચ : સ્ટીફન કોન્સ્ટેન્ટીન

**(૪) યાના કુહ્રાવત્સેવા - રશિયન જીમ્નાસ્ટ :**

- રશિયાની રિધમિક જિમ્નાસ્ટ યાના કુહ્રાવત્સેવાએ માત્ર ૧૯ વર્ષની વયે ઇન્ટરનેશનલ સ્તરથી નિવૃત્તી લીધો છે.
- યાનાએ ૨૦૧૩થી ૨૦૧૫ સુધીમાં ૧૩ વર્લ્ડ ચેમ્પિયનશીપ પોતાના નામે કરી છે.
- રિયો ઓલિમ્પિકમાં તેણે સીલ્વર મેડલ જીત્યો હતો.
- પગની ઇજાને કારણે યાનાએ નાના વયે નિવૃત્તી લીધી.

**(૫) ખંડેરી સબમરીન લોન્ચ :**

- ભારતે સ્કોર્પડીન શ્રેણીની બીજી સબમરીન ખંડેરી લોન્ચ કરી
- મુંબઇના મઝગાંવ ડોક શિપ બિલ્ડર્સ લિમિટેડથી તેને લોન્ચ કરવામાં આવી હતી.
- તેમાં પરંપરાગત ટોરપિડો ઉપરાંત ટ્યૂબ લોન્ચ એન્ટીશિપ મિસાઇલ્સ છે જે હુમલાની શક્તિ વધારશે.
- પાણીની અંદર અને સપાટી પરથી હુમલો કરી શકે છે.
- તે દરેક પ્રકારના હવામાન અને સ્થાનમાં કામ કરવા માટે સક્ષમ છે.
- આ વર્ષના અંતે કડક પરિક્ષણોમાંથી પસાર થયા બાદ તેને ભારતીય નેવીમાં સામેલ કરાશે.
- ફ્રાંસના નૌકાદળ સાથે થયેલા કરાર મુજબ આવી ૬ સબમરીન બનશે જે પૈકી ખંડેરી બીજી છે.

Vivekanand Academy Gandhinagar

– આ પ્રોજેક્ટમાં અંદાજે ૨૩.૪૦૦ કરોડ રૂા. નો ખર્ચ થશે.
– દુશ્મનની ભાળ મળતા જ ગાઇડેડ હથિયારથી હુમલો કરી શકે છે.

## 14.January. 2017

**(૧) મકરસંક્રાતી :**

– ભારતમાં તમામ તહેવારો અને ધાર્મિક ઉત્સવોનું આયોજન લૂનાર કેલેન્ડર મુજબ થાય છે.
– પરંતુ મકરસંક્રાતિ એટલે કે ઉતરાયણ ગ્રિગોરીયન (અંગ્રેજી) કેલેન્ડર મુજબ થાય છે.
– અંગ્રેજી સોલાર કેલેન્ડર ૧૫૮૨માં પોપ ગ્રેગરી ૧૩માએ અમલમાં મુક્યું હતું.
– આ દિવસે સૂર્ય દક્ષિણ ગોળાર્ધથી ગતિ કરીને મકરરાશીમાં પ્રવેશે છે. તેથી જ ૧૪ તારીખે ઉત્તરાયણ મનાવાય છે.
– હિંદુ કેલેન્ડર મુજબ ઉત્તરાયણ પહેલાનો એક મહિનાનો સમય ધનારક એટલે કમૂહુર્તા તરીકે ઓળખવામાં આવે છે, તે દિવસોમાં શુભકાર્યો ઉકેલવામાં આવતા નથી.

**(૨) વાઇબ્રન્ટ સમિટ : ૨૦૧૭**

– તાજેતરમાં ગુજરાત ૮મી વાઇબ્રન્ટ સમિટનું સમાપન થયું.
– દર બે વર્ષે યોજાતી આ સમિટમાં દેશ–વિદેશના ડેલીગેટ્સ આવે છે તથા વિવિધ ક્ષેત્રોમાં એમઓયુ થાય છે.
– આ સમિટની શરૂઆત વર્ષ ૨૦૦૩માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કરાવી હતી.
– ત્રણ દિવસ યોજાતી આ સમિટમાં આ વખતે પ્રથમ વખત ૧૦ થી ૧૩ જાન્યુઆરી એમ ૪ દિવસનું આયોજન કરવામાં આવ્યું.
– સંમેલનમાં પહેલી વખત ૯ નોબેલ પુરસ્કાર વિજેતાઓને પણ આમંત્રણ અપાયું જેથી આ સંમેલન નોલેજ શેરીંગ પ્લેટફોર્મ બનીને પણ ઉભરી આવે.
– ૧૨ દેશ સંમેલનમાં કંટ્રી પાર્ટનર રહ્યા :
અમેરિકા, ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ડેનમાર્ક, જાપાન, નેધરલેન્ડ, પોલેન્ડ, સિંગાપુર, સ્વીડન, ફ્રાંસ, યુએઇ
– આ ૧૨ પાર્ટનર કંટ્રીના પ્રતિનિધિ તથા પ્રતિનિધિમંડળ નું નેતૃત્વ ભારતીય મૂળની નિશા દેસાઇ બ્રિસપાલે કર્યું જેઓ વિદેશ મંત્રાલયમાં દક્ષિણ અને મધ્ય એશિયાઇ બાબતોની સહાયકમંત્રી છે.
– ગાંધીનગરમાં ૩૪ એકરમાં ફેલાયેલ દશેના સૌથી મોટા કન્વેન્શન સૌર, મહાત્મા મંદિર ખાતે આયોજન.
– આ વખતે કુલ ૨૫૫૭૮ એમઓયુ થયા.
– આ ઉપરાંત ૯ જાન્યુઆરીના રોજ ભારતીય વાયુસેનાની 'સૂર્ય કિરણ' ટીમ અને 'આકાશ ગંગા' ટીમ દ્વારા આ શો યોજાયો હતો.

**(૩) તાજેતરમાં અશ્વ મહોત્સવ :**

– તાજેતરમાં સૂઇગામના નડાબેટના સફેદ રણમાં ત્રણ દિવસ સૂધી રાષ્ટ્રીય સ્તરના અશ્વદોડ સ્પર્ધાનું આયોજન થયું હતું.
– આ આયોજન ગુજરાત સરકાર, સીમાજન કલ્યાણ સમિતિ, અને સીમા સુરક્ષા દળના સંયુક્તે ઉપક્રમે થાય છે.
– આ વર્ષે ૧૧ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન ચોથો રાષ્ટ્રીય કક્ષાનો સિમા અશ્વ મહોત્સવ યોજાયો હતો.

**(૪) અમેરિકા સ્વતંત્રતાનું ૨૨૫ મું વર્ષ ઉજવાશે :**

– વર્ષ ૨૦૧૭માં અમેરિકાની સ્વતંત્રતાનું ૨૨૫મું વર્ષ ઉજવાશે
– આ પ્રસંગે અમેરિકાએ પહેલી વખત બ્લેક લેડી લિબર્ટીની છાપ ધરાવતો ૧૦૦ ડોલરના મૂલ્યનો સિક્કો બહાર પાડશે.

**(૫) આંતરરાષ્ટ્રીય આયુર્વેદ કોન્કલેવ :**

– કેરળની ખ્યાતનામ વૈદરત્નમ ઔષધાલયના પ્લેટીનમ જ્યુબેલી વર્ષ પ્રસંગે કેરળના થ્રિસુર શહેર ખાતે ૧૩ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૧૭ દરમિયાન આંતરરાષ્ટ્રીય આયુર્વેદ કોન્કલેવ વાજરા–૨૦૧૬ માં કુલ ૧૫૦૦ જેટલા મહાનુભાવો ઉપસ્થિત રહેશે.
– ૧૪ જાન્યુઆરીના ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ વૈધ સંજીવ ઓઝા જીવનશૈલી આધારીત રોગ અને આયુર્વેદના સંદર્ભમાં મહિલા અને બાળ સ્વાસ્થય વિષય પર વક્તવ્ય આપશે.

## 16.January. 2017

**(૧) રણજી ટ્રોફી – ક્રિકેટ**

– રણજી ટ્રોફીના ૮૩ વર્ષના ઇતિહાસમાં ગુજરાત પ્રથમવાર ચેમ્પિયન બન્યું.
– ઇન્દોર ખાતે યોજાયેલ ફાઇનલ મેચમાં ૪૧ વારના ચેમ્પિયન મુંબઇને પરાજય આપ્યો.
– આ સાથે ગુજરાત રણજીમાં ચેમ્પિયન બનનાર ૧૬મી ટીમ બની.
– ગુજરાત આ પહેલા માત્ર એક વખત ૧૯૫૦–૫૧ માં રણજી ટ્રોફીની ફાઇનલમાં પહોંચી હતી. અને તે વખતે હોલકર (અત્યારની મધ્યમપ્રદેશ) ટીમ સામે પરાજય થયો હતો.
– ફાઇનલ મેચમાં ગુજરાતના કેપ્ટન પાર્થિવ પટેલે સદી (૧૪૩ રન) ફટકારી હતી.
– મુંબઇ ટીમ કેપ્ટન : આદિત્ય તારે
– આ સાથે ગુજરાત સ્થાનિક ક્રિકેટના તમામ ફોર્મેટમાં
– ચેમ્પિયન બનનાર પાંચમી ટીમ બની.
સી.કે. નાયડુ – વનડે
વિજય હઝારે – વન ડે
સૈયદ મુસ્તાકઅલી –ટી૨૦
રણજી – ટેસ્ટ
– ફાઇનલમાં વિજેતા થતા ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા રૂા. ૩ કરોડ અને બીસીસીઆઇ દ્વારા રૂા.૨ કરોડનું ઇનામ આપવામાં આવશે.
– જામનગરના મહારાજા રણજીતસિંહના નામ પરથી રણજી ટ્રોફીનો પ્રારંભ થયો
– ૧૯૩૫માં પટિયાલા મહારાજ ભુપિન્દરસિંહ દ્વારા ભારતમાં ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટ શરૂ કરવામાં આવી તેનું નામ રણજી ટ્રોફી રાખવામાં આવ્યું હતું.

**(૨) ગુણોત્સવ :**

– રાજ્ય સરકાર દ્વારા આ વર્ષ ગુણોત્સવ તા. ૧૬ થી ૧૮ જાન્યુઆરી દરમિયાન યોજાશે.
– આ વખતનો ક્રમ – સાતમો
– શિક્ષણમાં ગુણોત્મક સુધારો આવે તથા ગુજરાતી ભાવી પેઢીને ગુણવત્તા સભર બનાવવા હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગુણોત્સવનું આયોજન કરવામાં આવે છે.

## 17.January. 2017

**(૧) અમદાવાદનું મોટેરા સ્ટેડીયમ બનશે વિશ્વનું સૌથી મોટુ સ્ટેડિયમ**

– તાજેતરમાં ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા મોટેરા સ્ટેડિયમનું ભૂમિ પૂજન કરાયું હતું.
– ૧૯૮૨માં બનેલા મોટેરા સ્ટેડીયમને ૨૦૧૫માં જમીનદોસ્ત કરાયું હતું.
– નવું સ્ટેડિયમ ૬૩ એકરમાં ફેલાયેલ હશે જેમાં ૧.૧૦ લાખ પ્રેક્ષકોનો સમાવેશ થઇ શકશે.

Vivekanand Academy Gandhinagar

- આ અત્યાધુનિક ક્રિકેટ સ્ટેડીયમના નિર્માણનું કામ એલ એન્ડ ટી કંપનીને સોંપાયું છે, આ ઉપરાંત ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન સ્ટેડિયમને ડિઝાઇન કરનાર પોપ્યુલસ મોટેરા સ્ટેડીયમના પણ આર્કિટેક અને ડિઝાઇનર છે.
- રૂા. ૭૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર આ અત્યાધુનિક સ્ટેડીયમ આગામી બે વર્ષમાં તૈયાર થશે

**(૨) 'નર્મદા સેવા યાત્રા' :**

- કૃષિ, વન, દી અને સંપૂર્ણ પર્યાવરણને બચાવવાનું અભિયાન.
- આ અભિયાન મધ્યપ્રદેશમાં ૧૧ ડિસેમ્બરથી ૬ માસના ગાળા માટે શરૂ થયું.
- 'નમામી દેવી નર્મદે– નર્મદા સેવાયાત્રા' નામના હતા અભિયાનમાં અંદાજે સાડા છ લાખ લોકોએ મદિરાપાન ન કરવાનો સંકલ્પ લીધો છે.
- સામાજિક સંસ્થાઓ યાત્રા દરમિયાન રાત દિવસ સેવા શરૂ કરી રહી છે. તથા ભોજન શાળાઓનું સંચાલન થઈ રહ્યું છે.
- નર્મદા સેવા યાત્રા ૧૧ મે ૨૦૧૭ સુધી (૧૪૪ દિવસ) ચાલશે.

## 18.January. 2017

**(૧) જીન સર્નેન – અવકાશ યાત્રી**

- ચંદ્ર પર પગલાં પાડનારાં છેલ્લા અસ્ટ્રોનોટ જીન સર્નેનું અવસાન.
- તેઓ એપોલો–૧૭ મિશન સાથે ડિસેમ્બર ૧૯૭૨માં ચંદ્રયાત્રી બન્યા હતા.
- એપોલો–૧૭ એ અમેરિકાએ ચંદ્ર પર મોકલેલો છેલ્લો સમાનવ પ્રવાસ હતો.
- એપોલો–૧૭ના અવકાશયાત્રીઓ ૧૧૫ કિલોગ્રામ જેટલા ખડકો લાવ્યા હતા જે કોઇપણ ફલાઇટ દ્વારા લેવાયેલી માલ મતા કરતા વધારે હતા.
- આ ઉપરાંત એપોલો–૧૭ જગતી સૌથી લાંબી સ્પેસ ફલાઇટ હતી કેમ કે કુલ સફર ૩૦૧ કલાક અને ૫૧ મિનિટ ચાલી હતી.
- ભવિષ્યમાં કોઇ સમાનવ સ્પેસશીટ ચંદ્ર પર પહોંચે અને ચંદ્ર પર પગલા પાડશે ત્યાં સુધી લાસ્ટ મેન વોક ઓન ધ મુનો ખિતાબ જીન પાસે રહેશે.

**(૨) મધ્યપ્રદેશમાં આંશિક દારૂબંધી :**

- મધ્યપ્રદેશ સરકારે નર્મદા નદીના કિનારાની આસપાસના પાંચ કિ.મી.ના વિસ્તારમાં દારૂના વેંચાણ પર પ્રતિબંધ લાદી દીધો છે.
- આ ઉપરાંત સ્કૂલોમાં દારૂના ઉપયોગ સામે વિદ્યાર્થીઓને જ્ઞાન આપતાં પાઠ ભણાવાશે.
- ટીવી ચેનલો પર દારૂને લગતી જાહેરાતો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.
- આ ઉપરાંત દારૂબંધીથી ક્રાઇમ રેટ પર કેટલી અસર થાય છે. તે નક્કી કરવા મધ્યપ્રદેશ સરકારે ગુજરાત અને બિહારમાં ટુકડીઓ મોકલી છે.

**(૩) પ્રો.સી.વી. વિશ્વેશ્વર : વિજ્ઞાની**

- બ્લેક હોલ અંગે મહત્વપૂર્ણ સંશોધન કરનારા વિજ્ઞાની સી.વી. વિશ્વશ્વરનું બેંગ્લોર ખાતે અવસાન
- તેઓ મેરી લેન્ડ યુનિવર્સિટીમાં બ્લેક હોલના એક્સપર્ટ તરીકે કાર્યરત હતા.
- તેમની થીયરીનો ઉપયોગ કરીને જ લીગો પ્રયોગશાળાએ ૨૦૧૫માં ગ્રેવિટેશનલ વેવ્સસની હાજરીના પુરાવા શોધ્યા હતા.
- આલ્બર્ટ આઇન્સ્ટાઇનની થીયરી ઓફ જનરલ રિબેટીવિટીના તેઓ એક્સપર્ટ હતા.
- બ્લેક હોલનું વર્તન અને રચના સમજવામાં મદદરૂપ થાય એવા મહત્વના સંશોધનો તેમણે કર્યા હતા.

**(૪) અડામા બેરો :**

- આફ્રિકન દેશ ગાલિયાના નવા રાષ્ટ્રપતિ
- ૨૨ વર્ષથી સત્તારૂઢ જોસેફ રાષ્ટ્રપતિની આ ચૂંટણી હાર્યા હતા.
- હારી જતા યાદમાં જોસેફ કટોકટી જાહેર કરી અને સંસદે તેમના કાર્યકાળને ૯૦ દિવસ વધારવાની મંજુરી આપી હતી.

**(૫) કોલંબીયન સિંગર શકિરાને ક્રિસ્ટલ એવોર્ડ :**

- તાજેતરમાં સ્વિત્ઝર્લેન્ડના દાવોસ ખાતે યોજાયેલી 'વર્લ્ડ ઇકોનોમી ફોરમ' ની પૂર્વ સંધ્યાએ વિખ્યાત કોલંબિયન સિંગર શકિરાને 'ક્રિસ્ટલ એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવી હતી.
- શકિરા યુનિસેફની ગુડવીલ એમ્બેસેડર છે.
- તેણે કોલંબીયાના ગરીબ અને પછાત બાળકોના શિક્ષણ તથા આરોગ્ય માટે આપેલા યોગદાન બદલ આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- 'વર્લ્ડ ઇકોનોમી ફોરમ' ના સ્થાપક : કૈલાસ સ્થાવ

## 19.January. 2017

**(૧) રાજ્યમાં ફિક્સવેતન કર્મીઓના પગારમાં વધારો.**

- રાજ્ય સરકારે લાંબા ગાળથી ફિક્સ પગારવાચકોના પગારવધારાના વિવાદનો અંત લાવતા તમામ ફિક્સ કર્મીઓના પગારમાં વધારો કર્યો.
- રાજ્યના ૧,૧૮,૭૩૮ ફિક્સ કર્મીઓને આ લાભા પહેલી ફેબ્રુઆરી મળશે.
- આ ઉપરાત સિનિયોરિટી, ઉચ્ચ પગારધોરણ, બઢતી, પેન્શન, એચ.આર.એ, ટ્રાન્સપોર્ટ એલાઉન્સ તથા મેડિકલ એલાઉન્સ પણ મળશે.
- ગુજરાતમાં ૧૯૯૮થી ફિક્સ પગારથી નોકરી રાખવાની પ્રથમ શરૂ કરવામાં આવી હતી.
- પરંતુ આ વધારો અને અન્ય લાભ વર્ષ ૨૦૦૬ પછી નિમણૂંક પામેલા કર્મચારીઓને જ મળશે.
- પગારમાં થયેલ વધારો અને ટકાવારી

| જુનો પગાર | વધારો | નવો પગાર |
|---|---|---|
| રૂા.૧૦,૫૦૦/– | ૬૩ ટકા | ૧૬,૨૨૪ |
| રૂા. ૧૧,૫૦૦/– | ૭૩ ટકા | ૧૯,૯૫૦ |
| રૂા. ૧૬,૫૦૦/– | ૯૦ ટકા | ૩૧,૩૪૦ |
| રૂા. ૧૭,૦૦૦/– | ૧૨૪ ટકા | ૩૮,૦૯૦ |

**(૨) અમદાવાદમાં રાજ્યનું પ્રથમ સાયબર પોલીસ મથક બનશે :**

- કેશલેસ ટ્રાન્ઝેક્શનથી સાયબર ક્રાઇમ વધવાની શક્યતાને પગલે અમદાવાદમાં રાજ્યનું પ્રથમ સાયબર પોલીસ મથક બનશે.
- દેશમાં ડિજિટલ ઇન્ડિયા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. ત્યારે સાઇબર ક્રાઇમ વધવાની શક્યતાઓ વધી છે.
- કેન્દ્ર સરકારે પણ સાયબર ક્રાઇમ અંગે દેશભરમાં એકસમાન માળખું રચવા આદેશ કર્યા છે.

## 20.January. 2017

**૧) આલોક વર્મા :**

- સીબીઆઇના ડિરેક્ટર પદે દિલ્હી પોલીસ કમિશ્નર આલોક વર્માની વરણી કરાઇ
- તેઓ વચગાળના ડિરેક્ટર રાકેશ અસ્થાના પાસેથી ચાર્જ લેશે.

Vivekanand Academy Gandhinagar

- આલોક વર્મા ૧૯૭૯ બેચના યુનિયન ટેરિટરી કેડરતના આઇપીએસ અધિકારી છે.
- તેઓનો કાર્યકાળ બે વર્ષનો રહેશે.

**(૨) ધર્મશાળા હિમાચલપ્રદેશનું બીજું પાટનગર :**

- હિમાચલપ્રદેશનના સી.એમ. વિરભદ્રસિંહે ધર્મશાળાને રાજ્યનું બીજું પાટનગર જાહેર કર્યું.
- ધર્મશાળાની વસતિ અંદાજે ૭૦ લાખ છે.
- તેમના આ નિર્ણયના કારણે ધર્મશાળા ના લોકોને સરકારી કામો માટે શિમલા જવું નહી પડે.

**(૩) ઇન્ડો ઓમાન એર એક્સરસાઇઝ :**

- તાજેતરમાં ગુજરાતના જામનગર ખાતે ભારત સરકારના ઇન્ડો – ઓમાન એર એક્સરસાઇઝ પ્રોગ્રામ અંતર્ગત ભારતીય વાયુસેના અને ગલ્ફ દેશ ઓમાન વચ્ચે સંયુક્ત સૈન્ય સભ્યાસ કરાયો હતો
- ૧૬ થી ૧૮ જાન્યુઆરી યોજાયેલ આ સૈન્ય કવાયતમાં ભારતીય વાયુસેનાના સુખોઇ, મીગ–૨૯ અને જગુઆર ફાઇટર પ્લેને ઉડાન ભરી હતી.
- ગલ્ફ દેશોના રાફો એફ– ૧૬ લડાક વિમાન આ સૈન્ય અભ્યાસમાં આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું.

**(૪) નેશનલ મિશન ફોર ક્લિન ગંગા :**

- ગંગા નદીને સ્વચ્છ રાખવાના અભિયાનને આગળ ધપાવવા સરકાર ‘સ્વચ્છતા દૂત’ બનાવશે
- ગંગા નદી જે રાજ્યોમાંથી પસાર થાય છે. ત્યાં કિનારાના ૨૩૩૬ ગામડાના યુવાનને ‘સ્વચ્છતા દૂત’ ની તાલીમ આપશે.
- ૨૦,૦૦૦ યુવાનોને તાલીમ અપાશે જેઓ સ્થાનિકો તેમજ અસ્થાળુ યાત્રીઓમાં નદીની સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવી લોકોને નદી મલીને કરવાથી અટકાવશે.
- આ માટે સરકારે ‘નેશનલ મિશન ફોર ક્લિન ગંગા’ હેઠળ રૂા. ૧૦ કરોડની ગ્રાન્ટ પણ ફાળવી છે.

## 21.January. 2017

**૧) અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની શપથવિધિ :**

- અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦ જાન્યુઆરીના રોજ વોશિંગ્ટન ખાતે શપથ લીધા.
- અમેરિકી પ્રમુખની ટર્મ શરૂ અને પુરી કરવા અંગેના સુધારા બંધારણના ૨૦ મુ સુધારામાં દર્શાવ્યા છે.
- આથી ૧૯૩૭થી એવી પરંપરા રહી છે કે પ્રમુખ ૨૦ મી જાન્યુઆરી જ શપથ લે.
- પરંતુ જો એ દિવસે રવિવાર આવતો હોય તો એ વર્ષ પૂરતી વિધિ સોમવારે યોજાય છે.
- અમેરિકાના પ્રમુખ ઉપ–પ્રમુખ તરીકે માઇકલ રિચાર્ડ પેન્સ (માઇક પેન્સ) શપથ લીધા.
- પેન્સ ૨૦૧૭ થી ૯ જાન્યુઆરી ૨૦૧૭ સુધી ઇન્ડિયાના રાજ્યના ગવર્નર હતા.
- ટ્રમ્પની ટીમમાં સમાવેશ થયેલ મંત્રી અને તેમનું ખાતું :

| નામ | ખાતું |
|---|---|
| રેક્સ ટિલરસન | વિદેશ મંત્રી |
| જેમ્સ મૈટિસ | સંરક્ષણ મંત્રી |
| સ્ટીવન મ્નુચિન | નાણામંત્રી |
| નિક્કી હેલી | સંયુક્ત રાષ્ટ્રના રાજદૂત |
| જનરલ જોન કેલી | ગૃહમંત્રી |
| જેરેન કુશનેર | મુખ્ય સલાહકાર |
| માઇકલ ફિલન | સુરક્ષા સલાહકાર |

**(૨) અખિલ ભારતીય પ્રવાસન સમિટ : ૨૦૧૭**

- આજથી કચ્છના ધોરડો ખાતે ત્રણ દિવસની અખિલ ભારતીય પ્રવાસન સમિટનો પ્રારંભ થયો.
- ૨૦ થી ૨૨ ડિસેમ્બર ચાલનારા આ પ્રોગ્રામમાં કેન્દ્ર અને તમામ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશના ટુરીઝમ, કલ્ચર, યુથ અફેર, સ્પોર્ટ મંત્રીઓ તથા કેન્દ્ર અને રાજ્યોના ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહેશે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિડિયો કોન્ફરસ મારફત આ સમિટમાં હાજરી આપી હતી.
- ગત વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાજરી આપી દેશના તમામ પોલીસવડાની ડી.જી. સમિટ યોજી હતી.

## 22.January. 2017

**૧) રાજ્યમાં પ્રથમવાર ભાવનગરમાં ડી–જી ધન મેળો :**

- નિતી આયોગ, ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં ડીજીટલ પેમેન્ટ માટે નાગરિકોને જરૂરી માર્ગદર્શન મળી રહે તે હેતુથી અલગ– અલગ રાજ્યોમાં ડીજી–ધન મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.
- ગુજરાત રાજ્યમાં સર્વપ્રથમ ભાવનગર શહેરમાં ડીજી ધન મેળો યોજાઇ રહ્યો છે.
- આ મેળામાં ખાદી, ખાતર, બેંકની કામગીરી સહીતના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. જેમાં નાગરિકોને ડીજીટલ પેમેન્ટ અંગે માર્ગદર્શન આપવામાં આવશે.
- આ ઉપરાત ફર્ટીલાઇઝર, બિયારણ, ખાદી, ગેસ એજન્સી, સખી મંડળ વિગેરેના સ્ટોલ રાખવામાં આવશે, જેમાંથી ડીજીટલ પેમેન્ટથી ખરીદી કરી શકાશે.
- જૂદી –જૂદી બેંકોના સ્ટોલ પણ હશે જેમાં નવા ખાતા ખોલવાં, બેંક ખાતા સાથે આધાર સીડીંગ, પી.એસ. એસ મીશનની નોંધણી, ડેબીટ કાર્ડ, ઇન્વોલેટ, વગેરે માટે પ્રેક્ટિકલ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે.

**(૨) આઇએલએલ સીટી મોમેન્ટમ ઇન્ડેક્સ – ૨૦૧૭**

- આઇએલએલ સીટી મોમેન્ટમ ઇન્ડેક્સ અને વિશ્વના મોસ્ટ ડાયનેમીક સીટીનો સર્વે છે.
- જેમાં શહેરને ૧૩૪ અલગ – અલગ ક્ષેત્રમાં માર્ક – આપી નંબર આપવામાં આવે છે.
- આ વર્ષના ઇન્ડેક્સમાં ટોપ–૩૦ માં ભારતના બે શહેરોનો સમાવેશ થયો છે.
- પ્રથમ ક્રમે કર્ણાટકના બેંગ્લુરૂને ધ મોસ્ટ ડાયનેમીક સીટી ઇન ધ વર્લ્ડનો ખિતાબ મળ્યો, જ્યારે પુણેને ૧૩ મો ક્રમ મળ્યો :
- કર્ણાટક મુખ્યમંત્રી : શ્રી સીતારામૈયા

**(૩) ‘સંસ્કાર પુરસ્કાર’ :**

- સોરઠના ઘરેણાં સમાન કવિ દાદ ને ‘સંસ્કાર પુરસ્કારથી’ નવાજવામાં આવ્યા.
- સંસ્કાર ભારતીના ગુજરાત પ્રાંત દ્વારા આ એવોર્ડ અપાયો.
- તાજેતરમાં ગાંધીનગરમાં સંસ્કાર ભારતીયના ગુજરાત પ્રાંત દ્વારા સંસ્કાર ઉત્સવનું આયોજન કરાયું હતું. જેમાં સંગીત, સાહિત્ય, નાટ્ય, નૃત્યક્ષેત્રના કલાકારોને પુરસ્કાર આપી સન્માનીત કરાયા હતા.
- ‘સંસ્કર પુરસ્કાર’ માટે જૂનાગઢના કવિ દાદા કાર્યક્ષેત્રમાં હાજર ના રહેતા તેમના ઘરે જઇને સમિતિએ સન્માનપત્ર, શાલ, સ્મૃતિચિહન અને રોકડ પુરસ્કાર અર્પણ કર્યું હતું.

## 23.January. 2017

**૧) ટ્રેન અકસ્માત :**

- આંધ્રપ્રદેશના વિજયનગર જિલ્લાના કુનેરુ સ્ટેશન પાસે જગદલ– ભુવનેશ્વર હિરાંખંડ એક્સપ્રેસ પાટા પરથી ઉતરી જતા અકસ્માત.
- આ ગમખ્વાર અકસ્માતમાં ૩૯ લોકો મોતને ભેટ્યા હતા તથા ૧૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા.
- આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ મૃતકોના પરિવારને રૂા. ૫.૫ લાખનું વળતર આપવાની જાહેરાત કરી આ ઉપરાંત રેલવે પણ રૂા. બે લાખ આપશે.

**(૨) સાઇના નેહવાલ :**

- ભારતીય મહિલા બેડમિન્ટન ખેલાડી સાઇના નેહવાલે આ વર્ષનું પોતાનું પ્રથમ ટાઇટલ જીતતા મલેશિયા માસ્ટર્સ ગ્રાં. પ્રી.માં ચેમ્પિયન બની.
- ફાઇનલમાં સાઇનાએ થાઈલેન્ડની પોર્નપાવી ચોચુવાંગને પરાજ્ય આપી ટાઇટલ જીત્યું હતું.

**(૩) જલ્લીકટ્ટું વિવાદ :**

- ઘણા સમયથી વિવાદમાં રહેલ જલ્લીકટ્ટુ રમત તમિલનાડુમાં ફરી શરૂ થશે.
- તમિલનાડુના મુખ્યપ્રધાન પન્નીરસેલ્વમના હસ્તે ઉદ્દ્ઘાટન થયું.
- લોકોના ઉગ્ર આંદોલન બાદ કેન્દ્ર સરકાર બાદ તમિલનાડુના રાજ્યપાલની પણ મંજુરી મળતા વટહુકમ અમલમાં આવ્યો.
- સર્વોચ્ચ અદાલતે વર્ષ ૨૦૧૪માં જલ્લીકટ્ટુ પર પ્રતિબંધ મૂક્તાં કહ્યું હતું કે આ આયોજન જાનવરો પ્રતિની ક્રૂરતા છે.
- **જલ્લીકટ્ટુ શું છે ?**
  - જલ્લીકટ્ટુ તમિલનાડુની પરંપરાગત રમત છે.
  - તમિલનાડુના લોકો લાંબા સમયથી તેનું આયોજન કરતા રહે છે.
  - મકરસંક્રાતિ પર્વને તમિલમાં પોંગલસ્વરૂપે મનાવવામાં આવે છે.
  - પોંગલ એ ખેતીપ્રધાન પ્રદેશનો તહેવાર છે.
    પોંગલ એટલે વિપ્લવ, બદલાવ, પરિવર્તન.
  - જલ્લીકટ્ટુ પણ પોંગલની ઉજવણીનો જ એક ગ્રામ્ય તરીકે છે.
  - મૂળ શબ્દ સલ્લી માંથી જલ્લી બન્યો છે જેનો અર્થ સોના મ્હોર અને કટ્ટુ એટલે બાંધેલું.
  - સાંઢના મસ્તક પર તે બાંધવામાં આવે છે અને તેને વશ કરીને એ લાલ કપડુ ઉતારી લેવાનું હોય છે.
  - ત્રણ વર્ષબાદ જલ્લીકટ્ટુ પર છૂટ મળતા કર્ણાટકમાં પણ બળદોની દોડ પરનો પ્રતિબંધ ક્રુર કરવાની માંગ થઇ.
  - બળદોની દોડ કર્ણાટકમાં કંમ્બાલા તરીકે ઓળખાય છે.

**(૪) નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૦ મી જન્મજયંતિ**

- તેમનો જન્મ ૨૩ જાન્યુઆરી, ૧૮૯૭ના રોજ કટક ખાતે થયો હતો.

## 25.January. 2017

**૧) રાષ્ટ્રીય મતદાતા દિવસ :**

- આપણા દેશમાં ૨૫ જાન્યુઆરીના દિવસે મતદાતાઓને જાગ્રત કરવા મતદાના દિવસ મનાવાય છે.
- આ જ દિવસે ભારતીય બંધારણના અનુચ્છેદ ૩૨૪ અંતર્ગત ૧૯૫૦માં ચૂંટણીપંચની રચના થઇ હતી.
- દેશના પહેલા ચૂંટણી કમિશ્નર સુકુમાર સેન હતા.

**(૨) ઇરાની ટ્રોફી : ક્રિકેટ**

- આ ટ્રોફી રણજી વિજેતા ટીમ અને રેસ્ટ ઓફ ઇન્ડિયા વચ્ચે રમાય છે. (ટેસ્ટ મેચ)
- આ વર્ષની રણજી ચેમ્પિયન ટીમ ગુજરાત અને રેસ્ટ ઓફ ઇન્ડિયા વચ્ચે આ મેચ યોજાઇ હતી.
- મુંબઈ ખાતે યોજાયેલ આ મેચમાં રેસ્ટ ઓફ ઇન્ડિયા વિજેતા બન્યું હતું.
- રેસ્ટ ઓફ ઇન્ડિયા કેપ્ટન : ચેતેશ્વર પુજારા
- ગુજરાત કેપ્ટન : પાર્થિવ પટેલ

**(૩) 'ઉજાલા ગુજરાત :–**

- ગુજરાત ૩ કરોડ એલઇડી બલ્બનું વેચાણ કરી ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે.
- હવે, આગામી ૨૬ જાન્યુઆરીથી સરકાર બ્રાન્ડેડ એલઇડી ટ્યુબ લાઇટ અને ઓછા વિજ વપરાશ કરતા પંખાનું પણ વિતરણ કરશે.

**(૪) 'સ્વાતંત્ર્ય સૈનિકો, લડતો ' :**

- વર્ષ ૧૯૮૮માં આ પુસ્તક લોકસેવિકા જયાબેન શાહે લખ્યું હતું.
- આ પુસ્તક ઘણા સમયથી અપ્રાપ્ય હતું.
- સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ ટ્રસ્ટ દ્વારા આ પુસ્તકની નવસંસ્કરણ આવૃત્તી તૈયાર કરાઇ છે.
- આ પુસ્તકનું વિમોચન ૩૦ જાન્યુઆરીના રોજ ગુજરાત વિદ્યાપીઠ ખાતે કુલપતિ ઇલાબેન ભટ્ટના હસ્તે થશે.

## 26.January. 2017

**૧) પ્રજાસત્તાક પર્વ :**

- ભારતના ૬૮માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી દિલ્હી ખાતે થઇ.
- પ્રજાસત્તાક પર્વની ઉજવણી ત્રણ દિવસ ચાલે છે.
- લિટિંગ રીટ્રીટ સમારોહ સાથે સમાપન થાય છે.
- પ્રજાસત્તાક દિવસને સંપૂર્ણ સ્વરાજ દિવ્સ પણ કહેવાય છે
- આ વર્ષના મુખ્ય મહેમાન યુએઇના પ્રિન્સ :
  શેખ મહંમદ બિન ઝાયેદ અલ નાહ્યાન
- ભારતના ૬૮માં પ્રજાસત્તાક દિનની ઉજવણીના ઉપલક્ષમાં વિશ્વની સૌથી ઉંચી ઇમારત બુર્જ ખલીફા ત્રીરંગાના રંગે રોશનીથી ઝળહળી ઉઠી હતી.
- દિલ્હીના રાજપથ ખાતે પહેલી વખત યુએઇના જવાનોએ પરેડમાં ભાગ લીધો હતો.
- આ પહેલા ફ્રાંસના સૈનિકોએ પરેડમાં ભાગ લીધો હતો. ત્યારબાદ યુએઇ બીજા ક્રમે આવે છે.
- હિમાચલ પ્રદેશના હવલદાર હંગપન દાદાને અશોકચક્રથી સન્માનીત કરાયા હતા.
- તેઓ આતંકવાદી સામે લડતા લડતા ત્રણ આતંકવાદીને ઠાર કરી શહીદ થયા હતા.
- આ ઉપરાંત ૫ જવાનોને શૌર્યચક્ર અને એ જવાનને કિર્તીચક્રથી સન્માનીત કરાયા હતા.
- દિલ્હીના રાજપથ ખાતેથી લાલકિલ્લા સુધી સરકાર દ્વારા વિવિધ પ્રદર્શન યોજાયા હતા જે નીચે મુજબ છે.
- અત્યાધુનિક મિસાઈલ પ્રણાલી બ્રહ્મોસનું નિદર્શન જેની રેન્જ ૨૯૦ કિ.મી. છે.
- ભારત – રશિયા સંયુક્ત પણે તેનું નિર્માણ કરે છે.
- સ્વદેશ નિર્મિત ૨૫૧૨ સ્વાતીનું પણ પ્રદર્શન કરાયું.
- સ્વાતિ મોટા ગન અને દુશ્મનોના લોકેશનને સતિકતાથી પકડી શકે છે.
- લાઇટ કોમ્બેક્ટ એરક્રાફ્ટ તેજસે પહેલી વખત પરેડમાં ઉતન ભરી હતી.
- તેજસે તેની ૭૮૦ કિ.મી. / કલાક સુધીની રેન્જ અહી બતાવી હતી.
- આકાશ મિસાઈલનું પણ પ્રદર્શન કરાયું.



Vivekanand Academy Gandhinagar

- ધનુષ તોપ (ગન સીસ્ટમ) ની ઝલક પ્રથમ વખત પરેડમાં બતાવવામાં આવી (૬ ગન સાથે ૩૮ કિ.મી.ની ક્ષમતા)
- આ ઉપરાંત ધ્રુવ અને રૂદ્ર હેલિકોપ્ટરનું નિદર્શન
- એનએસજી કમાન્ડો પ્રથવાર પરેડમાં સામેલ
- વાયુસેના દ્વારા પણ વિવિધ કરતબ રજુ કરાયા
  એમ –આઈ –૩૫
  સી – ૧૩૦ હરક્યુલિસ
- આ ઉપરાંત દેશના ૧૭ રાજ્યો અને ૬ મંત્રાલયે રાજપથ ખાતે ટેબ્લો દ્વારા પોતાની ઝાંખી દર્શાવી હતી.
- લક્ષદ્વિપે ૨૩ વર્ષ બાદ પોતાનો ટેબ્લો રજૂ કર્યો.
- **આ ૧૭ રાજ્યો અને ૬ મંત્રાલયના ટેબ્લોની ઝાંખી નીચે મુજબ છે.**

| **રાજ્યનું નામ** | **થીમ** |
|---|---|
| ગુજરાત | કચ્છી જીવનશૈલીની ઝલક |
| ઓડીશા | ડોલા જાત્રા |
| અરૂણાચલપ્રદેશ | યાક નૃત્ય |
| મહારાષ્ટ્ર | લોકમાન્ય તિલક |
| | મહારાષ્ટ્ર હાલમાં લોકમાન્ય તિલકની ૧૬૦મી જન્મજયંતિ ઉજવી રહ્યું છે. |
| મણીપુર | લાઇ હરાઓબા |
| લક્ષદ્વીપ | ટુરીઝમ |
| કર્ણાટક | ફોક ડાન્સ |
| દિલ્હી | સરકારી સ્કૂલોની ગુણવત્તા સુધારા પર માંથી |
| હિમાચલપ્રદેશ | ચમ્બા રૂમાલ |
| હરિયાણા | બેટી બચાઓ, બેટી પઢાઓ |
| પશ્ચિમ બંગાળ | શરદ ઉત્સવ |
| પંજાબ | જાગો ઐયા |
| તમિલનાડુ | કરગાટ્ટમ લોકનૃત્ય |
| ગોવા | સંસ્કૃતિ અને જીવનશૈલી |
| ત્રિપુરા | હોઝગિરી નૃત્ય (રિયાંગ સમુદાયનું) |
| જમ્મુ કાશ્મિર | પ્રવાસન, હિમવર્ષા અને પર્યટકોને દર્શાવતી શાંતીની ઝાંખી |
| આસામ | કામાખ્ય મંદિર, જ્યાં કોઇ મૂર્તિ નહિ પરંતુ પ્રતિષ્ઠાત્મક પુજા થાય છે. |

૬ મંત્રાલયના ટેબ્લો :

(૧) સેન્ટ્રલ બોર્ડ ઓફ એક્સાઇઝ એન્ડ કસમ્સ :
- ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ

(૨) કેન્દ્રીય ઉત્પાદ સિમાસૂચક બોર્ડ :
- ખાદી ઇન્ડિયા

(૩) આવાસ શહેરી વિકાસ મંત્રાલય
- ૨૦૨૨ સુધી તમામને ઘરનૂ ઘર

(૪) કેન્દ્રિય લોક નિર્માણ વિભાગ :
- ગ્રિન ઇન્ડિયા, ક્લિન ઇન્ડિયા

(૫) કૌશલ્ય વિકાસ મંત્રાલય :
- કાર્યક્ષમતા, કાર્ય કુશળતાના ચિહ્ન

(૬) વૈજ્ઞાનિક ઔધોગિક અનુસંધાન પરિષદની ઝાંખી (CSIR)

- પદ્મપુરસ્કાર વિજેતા – ૨૦૧૭
  પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ પદ્મએવોર્ડની જાહેરાત કરી
- કુલ ૮૯ હસ્તીઓને પદ્મપુરસ્કાર એનાયત થશે. જેમાં સાત પદ્મવિભૂષણ, અપદ્મભૂષણ અને ૭૫ પદ્મશ્રી સામેલ છે.
- આ પૈકી ૧૯ મહિલાઓ અને ૬ મરણોપરાંત છે.
- ગુજરાતનો કુલ સાત અને એક એનઆરઆઇ ગુજરાતી મળીને કુલ આઠ પદ્મ પુરસ્કાર મળ્યા છે.
- ગુજરાતી પદ્મ વિજેતા

| ક્રમ | નામ | ક્ષેત્ર | પુરસ્કાર |
|---|---|---|---|
| ૧ | આચાર્ય રત્નસુંદર સુરિવર મહારાજ | અધ્યાત્મ | પદ્મભૂષણ |
| ૨ | ગેનાભાઈ | કૃષિ | પદ્મશ્રી |
| ૩ | પુરૂષોત્તમ ઉપાધ્યાય | સંગીત | પદ્મશ્રી |
| ૪ | ડૉ. દેવેન્દ્ર પટેલ | મેડીસન | પદ્મશ્રી |
| ૫ | વી.જી.પટેલ | સાહિત્ય–શિક્ષા | પદ્મશ્રી |
| ૬ | ડૉ. સુબ્રતો દાસ | મેડિસન | પદ્મશ્રી |
| ૭ | વિષ્ણુ પંડ્યા | સાહિત્ય | પદ્મશ્રી |

- ભારત યુએઇ વચ્ચે કરાર
- પ્રજાસત્તાક પર્વમાં મુખ્ય મહેમાન યુએઇના પ્રીન્સ ઝાયેદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે બેઠક યોજાઇ હતી.
- આ બેઠકમાં ભારત – યુએઇ વચ્ચે વિવિધ ૧૪ મહત્વના કરાર થયા
- યુએઇ આગામી સમયમાં ભારતમાં ૫ લાખ કરોડનું રોકાણ કરશે.

## 28.January. 2017

**(૧) અમૃત રાજ :**
- અમૃતરાજ ભારતના યુએનના સદ્ભાવના રાજદૂત નિમાયા
- તેઓ જાણીતા ટેનિસ ખેલાડી અને હોલિવુડના ફિલ્મ નિર્માતા પણ છે.

**(૨) ૧ એપ્રિલ, ૨૦૧૭ થી નો GAAR અમલ**
- GAAR જનરલ એન્ટિ અવોઇડન્સ રૂલ્સ
- ૧ એપ્રિલ ૨૦૧૭થી GAAR નો અમલ થશે.
- GAAR નો ઉદ્દેશ અન્ય દેશોમાંથી ભારતમાં રોકાણ કરતી કંપનીઓને ટેક્સ ચોરી કરતા અટકાવવાનો છે.
- વિદેશી રોકાણકારોને ૧ એપ્રિલ, ૨૦૧૭ પહેલાના ટ્રાન્ઝેક્શન પર ગાર લાગુ પડે નહીં.
- તેમજ ટેક્સ બેનિફિટ નહીં ધરાવતા વ્યવહારો પર ટેક્સ એવોઇડન્સ રૂલ્સની જોગવાઇઓનો અમલ થશે નહીં.
- GAAR ને અમલમાં લાવનાર ભારત વિશ્વનો ૧૭મો દેશ બની ગયો છે.
- વર્ષ ૨૦૧૫માં બજેટ રજૂ કરતી વખતે નાણાપ્રધાન અરૂણ જેટલીએ GAAR ને બે વર્ષ માટે મુલત્વી રાખી ૧ એપ્રિલ ૨૦૧૭થી અમલ કરવાની જાહેરાત કરી હતી.

**(૩) મેઘાલયના રાજ્યપાલનું રાજીનામું :**
- મેઘાલયના રાજ્યપાલ વી.ષણમુગનાથે જાતીષ શોષણના આરોપો બાદ રાજીનામું આપ્યું.
- હવે, આસામના વર્તમાન રાજ્યપાલ બનવારીલાલને મેઘાલય અને અરૂણાચલ પ્રદેશનો વધારાનો ચાર્જ આપવામાં આવ્યો છે.

**(૪) રામદાસ અગ્રવાલ**
- ૧૮ વર્ષ સૂધી રાજ્યસભાના સાંસદ રહી ચૂકેલા રામદાસ અગ્રવાલનું જયપુર ખાતે અવસાન.
- તેઓ ભાજપ અને અગ્રવાલ સમાજના દિગ્ગજ નેતા હતા.
- તેઓ સાડા સાત વર્ષ ભાજપના રાજસ્થાનના પ્રદશાધ્યક્ષ તરીકે સેવા આપી ચૂક્યા છે.

Vivekanand Academy Gandhinagar

- આ ઉપરાંત બે વખત રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને બે વખત રાષ્ટ્રીય કોષાધ્યક્ષ પણ રહી ચૂક્યા છે.

## 29.January. 2017

**(૧) અમેરિકામાં સાત મુસ્લીમ દેશોના નાગરિકો માટે પ્રવેશ નિયમ કડક :**

- અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દેશમાં શરણાર્થીઓના આગમનને હંગામી સમય માટે મુલત્વી રાખતા સાત મુસ્લીમ દેશોના નાગરિકો માટે કડક નિયમો બનાવ્યા.
- આ સાત દેશ :
  ઇરાન, લિબિયા, સોમાલિયા, સુદાન, સીરિયા, યમન, ઇરાક
- આ દેશના નાગરિકોને ૯૦ દિવસ સુધીના વિઝા નહીં આપવામાં આવે.
- ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખ બન્યા પછી તેમના પ્રથમ રાજદ્વારી મહેમાન બ્રિટનના વડાપ્રધાન થેરેસા મે બન્યા હતા.

**(૨) માર્ગ સલામતી સપ્તાહ :**

- ૨૮મું રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા સપ્તાહ ૯ જાન્યુઆરીથી ૧૫ જાન્યુઆરી, ૨૦૧૭ દરમિયાન યોજાયું.
- આ અંતર્ગત ઇન્ડિયા ગેટ નવી દિલ્હીથી ૯ જાન્યુઆરીના રોજ માર્ગ સુરક્ષા પદયાત્રા યોજાઇ હતી જેનું ઉદ્દ્ઘાટન કેન્દ્રના માર્ગ અને પરિવહન મંત્રી નિતિન ગડકરીએ કર્યું હતું.
- આ સપ્તાહ દરમિયાન ટ્રાફિક પોલીસ કર્મીઓ દ્વારા નાગરિકોને હેલ્મેટ પહેરવા તેમજ અન્ય નિયમોથી અવગત કરાય છે.

**(૩) દેશનું પ્રથમ અખબાર 'બંગાલ ગેઝેટ' :**

- દેશનું પહેલું અખબાર ૨૯ જાન્યુઆરી ૧૭૮૦ના રોજ એક અંગ્રેજ જેમ્સ ઓગસ્ટન ફિકીએ કોલકત્તાથી પ્રકાશીત કર્યું હતું.
- આ અખબારનું નામ 'બંગાલ ગેઝેટ' હતું. અને તે અંગ્રેજીમાં હતું.
- તેનું હિકીઝ ગેઝેટ તરીકે પણ ઓળખવામાં આવતું હતું.
- ચાર પાનાનું એ અખબાર અઠવાડીયામાં એક જ વખત પ્રકાશીત થતું હતું.

## 30.January. 2017

**(૧) શહિદ દીન :**

- મહાત્મા ગાંધીની પૂણ્યતિથિ :
- ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ નથુરામ ગોડસેએ ગાંધીજીને ગોળી મારી હત્યા કરી હતી.

**(૨) સૈયદ મોદી ઇન્ટરનેશનલ બેડમિન્ટન ટુર્નામેન્ટ :**

- બેડમિન્ટન માટે પ્રખ્યાત સૈયદ મોદી ઇન્ટરનેશનલ ટૂર્નામેન્ટમાં ભારતીયોનો દબદબો
- મહિલા સિંગલ્સ વિજેતા : પી.વી. સિંધુ, ઇન્ડિયા જ્યોર્જિયા મારીસ્ક, ઇન્ડોનેશિયા
- પુરૂષ સિંગલ્સ વિજેતા : સમીર વર્મા, ભારત
  રનર્સ અપ : લી.આઇ પણિથ, ભારત
- મિક્સ ડબલ્સ વિજેતા : પ્રણવ જેરી ચોપરા, ભારત સિક્કી રેડ્ડી, ભારત
  રનર્સ અપ : અશ્વિનની પોનપ્પા તથા સુમિથ રેડ્ડી ભારત
- મહિલા ડબલ્સમાં ભારતની પોનપ્પા તથા સિક્કી રેડ્ડીની જોડીનો ડેનમાર્કની કૈમિલ રીટર જુહલ તથા ક્રિસ્ટિના પૈડરસનની જોડી સામે પરાજય થયો હતો.
- આયોજન લખનૌ ખાતે થયું હતું

**(૩) રાજેશ સાવંત : ભારત અં–૧૯ ક્રિકેટ ટીમના ટ્રેનર :**

- ભારતીય અંડર– ૧૯ ક્રિકેટ ટીમના ફિઝિકલ
- ફિટનેસ ટ્રેનર રાજેશ સાવંતનું અવસાન.

## 31.January. 2017

**(૧) બી.સી.સી.આઇ સંચાલક સમિતિની રચના :**

- સુપ્રીમ કોર્ટ બીસીસીઆઇ માટે ચાર સભ્યોવાળી વહીવટદારોની સમિતિની નિમણૂંક કરી.
- પૂર્વ કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયા (કેગ) વિનોદ રાયને આ સમિતિના અધ્યક્ષ બનાવાયા છે.
- આ ઉપરાંત અન્ય ત્રણમાં વરિષ્ઠ ઇતિહાસકાર રામચંદ્ર ગુહા, ઇન્ફ્રસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફાઇનાન્સ કોર્પોરેશન (આઇડીએફસી) ના મેનેજીંગ ડિરેક્ટર વિક્રમ લિમયે અને ભાતરીય મહીલા ક્રિકેટ ટીમની પૂર્વ કેપ્ટન ડાયના એડુલજીનો સમાવેશ થાય છે.
- આગામી મહિને દુબઇ ખાતે યોજાનારી આઇસીસીની બેઠકમાં બીસીસીઆઇના સંયુક્ત સચીવ અમિતાભ ચૌધરી અને વિક્રમ લિમયે બીસીસીઆઇનું પ્રતિનિધિત્વ કરશે.
- આ સમિતિના અધ્યક્ષ વિનોદ રાય વર્ષ ૨૦૦૮થી ૨૦૧૩ સુધી કેગ હતા.

**(૨) પંડિત લાલનજી મહારાજ – તબલાવાદક :**

- ઝારખંડના ડૂમકાના રહેતા વિખ્યાત તબલાવાદક પંડીત લાલનજી મહારાજનું અવસાન.
- બિહારના બાંકા જિલ્લાના ગોકુલ ગામમાં જન્મેલા લાલનજી વર્ષોથી ઝારખંડ સ્થાયી થયા હતા.
- ઝારખંડના ડુમકામા તેમણે સંગીત – નૃત્ય શાળા શરૂ કરી હતી.

**(૩) રૂપેન આર. શાહ – NSI**

- અમેરિકામાં વર્જીનીયાના રપમાં જ્યુડીશીયલ ડીસ્ટ્રીક્ટના જજ તરીકે વરણી થઈ.
- આ હોદ્દો મેળવનાર તે પ્રથમ ઇન્ડિયન અમેરિકન બનશે.
- ૧ ફેબ્રુઆરી થી ૬ વર્ષ માટે તેઓ આ પદ પર રહેશે.
- મૂળ અમદાવાદના શાહ ૧૯૮૪માં અમેરિકા જઇ વકિલાત કરી હતી.

**(૪) મીસ યુનિવર્સ : ૨૦૧૭**

- ફ્રાંસની ૨૪ વર્ષિય સુંદરી આઇરીસ મિતેનેયરે મિસ યુનિવર્સ –૨૦૧૭નો તાજ જીત્યો હતો.
- ફિલિપાઇન્સના મનિલ શહેરમાં ૬૫મી મિસ યુનિવર્સ સૌંદર્યસ્પર્ધામાં ૮૬જેટલા દેશની યુવતીઓએ ભાગ લીધો હતો.
- પૂર્વ મિસ યુનિવર્સ પિયા વુટસબાખે આઇરીસને તાજ પહેરાવ્યો હતો.
- ભારત તરફથી રોશમિના હરિમૂર્તિએ પ્રતિનિધિત્વ કર્યું હતું.
- તથા ભારતીય મૂળની શિખ યુવતી કિરણજસ્સાલે મલેશિયાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- ભારતની પૂર્વ મિસ યુનિવર્સ અને બોલીવુડ અભિનેત્રી સુસ્મીતા સેન આ સૌંદર્યપ્રતિયોગીતાની જજ બની હતી.

Vivekanand Academy Gandhinagar